આ સ્થાનને મેળવો
આપની જાહેરખબર માટે
તદન ઓછા ભાવે...
આજે જ
સંપર્ક કરો...
M:9377124582

|| આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ||

Fortnightly E-Magazine

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

પખવાડિક ઇ-મેગેઝિન

વર્ષ: ૨ • અંક: ૧૨ • સળંગ અંક: ૩૬ • ૩૦ ઓગષ્ટ, ૨૦૨૫, શનિવાર • કુલ પાનાં: ૧૨ • કિંમત: નિ:શુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર આ અંકો નિયમિતરૂપે મેળવવા ગ્રુપ જોઈન કરવા અહીં ક્લિક કરો.







## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજમાં પર્યુષણ પર્વની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. વારસીયા રીંગ રોડ સ્થિત શ્રી વિમલનાથજી જિનાલય તથા માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા 'કે.ડી.ઓ. ભવન'ના સંકુલમાં તા. ૨૦.૮થી ૨૮.૮.૨૫ સુધી વિવિધ ધાર્મિક તથા સામાજીક અનુષ્ઠાનો થયા.

આ વર્ષે પર્વ દરમ્યાન ધર્મ આરાધના કરાવવા માટે શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની બહેનો આવેલ જેમણે વ્યાખ્યાન ઇત્યાદિથી માંડીને દરેક કાર્યક્રમમાં સુંદર રીતે માર્ગદર્શન આપીને મહાપર્વનાં કાર્યક્રમો પાર પાડ્યા.

વિવિધ કાર્યક્રમોમાં તા. ૨૦.૮ના શ્રી વિમલનાથ યંત્ર પૂજન રાખવામાં આવેલ. પ્રથમ બે દિવસોમાં શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા તથા શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા શ્રી ક.દ.ઓ.વિમલ જૈન મહિલા મંડળ દ્વારા ભણાવવામાં આવેલ. કલ્પસુત્ર પોતાને ઘરે પધારવવાનો લાભ શ્રી વિજેશ પુનમચંદ નાગડા પરિવારે તથા પ્રભુજીના પારણાંનો લાભ માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા (ટીકીટાર) પરિવારે લીધેલ.

એ ઉપરાંત શનિવાર તા.૨૩.૮ ના કલ્પસૂત્રનો વરઘોડો નીકળેલ તથા માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવારના સહયોગથી શૈક્ષણિક પુરસ્કારનો કાર્યક્રમ થયેલ. ભાદરસા સુદ ૨ને રવિવાર તા.૨૪.૮ના શ્રી મહાવીરપ્રભુના જન્મ વાંચન અને સ્વપ્ન દર્શનની બોલીમાં બધાએ ઉમળકાભેર ભાગ લીધેલ. શ્રી શાલિભદ્ર ભંડારનો ચડાવો માતુશ્રી રેવંતીબેન ઠાકરશી પનપારિયા પરિવારે લીધેલ. મહિલામંડળ આયોજીત સ્તવન હરીફાઇનું આયોજન કરવામાં આવેલ. સોમવાર તા.૨૫.૮ના રોજ શ્રી મહાકાળી માતાજીની ભાવનાનું આયોજન થયેલ.

મંગળવાર તા.૨૬.૮ના રોજ અઠ્ઠાઇ વિગેરે કરનાર તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. આ વર્ષે કુલ ૧૦ તપસ્વીઓએ અઠ્ઠાઇ કરેલ હતી. ઉપરાંત ચૌદ તપસ્વીઓ વરસીતપની આરાધના કરી રહેલ છે. બુધવાર તા.૨૭.૮ના બારસા સૂત્રનું વાંચન કરવા વાઘોડીયા રોડના જૈન સંઘમાંથી સાધ્વીજી મ.સા. પધારેલ.

ગુરૂવાર તા.૨૮.૮ના રોજ સવારે જિનાલય દ્વાર ઉદઘાટન બાદ તપસ્વીઓના પારણા તથા સંઘ નવકારશી બાદ સામુહિક ક્ષમાપના, જ્ઞાતિશિરોમણી શેઠ શ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવવાની ઉછામણી કરવામાં આવેલ.

હાલમાં સુરત ખાતે ટ્રાન્સફર થયેલ વડોદરાના શહેરના ડી.સી.પી. તરીકે છેલ્લા સાડા ત્રણ વર્ષથી સેવારત રહેનાર ક.દ.ઓ. સમાજના પન્નાબેન મોમાયા કાર્યક્રમમાં હાજર રહેલ. તેમની વિદાય વડોદરા શહેરની જેમ જ સમાજને પણ સાલશે. અંતમાં સંઘ સ્વામિવાત્સલ્યનો લાભ લઇ બધા છુટા પડ્યા હતા.







# શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરા

**નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી.**

શ્રાવણ મહિનામાં કૃષ્ણ ભક્તિમાં લીન થઇ રાસ રમવાનો અવસર એટલે ' નંદ મહોત્સવ '. શ્રી કચ્છી લોહાણા મહિલા મંડળ, વડોદરા દ્વારા મંગળવાર, તા. ૧૯.૮.૨૫ના રોજ કૃષ્ણ કન્હૈયાનાજન્મની ઉજવણી માટેના કાર્યક્રમની શરૂઆત થઇ સાંજે ૩:૩૦ કલાકે, શ્રીમતી ચારૂબેન કોટકના નિવાસસ્થાને ઓલ્ડ પાદરા રોડ પર.

મહિલા મંડળ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં સહુ ગોપી, યશોદા, તથા કૃષ્ણની સુંદર વેશભૂષામાં તૈયાર થઇને આવ્યા હતા. નંદ મહોત્સવના અવસરમાં ભાગ લેવા રંગબેરંગી, ઝરી-જરકાશવાળા વસ્ત્રોમાં સહુ દિપી રહ્યા હતા. કૃષ્ણ જન્મ થતાં જ દરેકના મનમાં અનેરો ઉત્સાહ હતો. બધાએ ભેગા મળીને ગરબા તથા રાસ રમીને નંદ મહોત્સવ ઉજવવાની શરૂઆત કરી. પારણામાં ભગવાનને ઝુલાવવાનો લાગ લીધા બાદ બધાએ મટકીફોડની ઉજવણી કરીને માખણચોર કન્હૈયાની સાથે માખણ, મીસરી તથા પંજરીનો પ્રસાદ માણ્યો. કૃષ્ણ ભજન તથા આરતીનો લાભ બધાએ લઇને કૃષ્ણ જન્મના ઉત્સવનો આનંદ માણ્યો. બાદમાં કારોબારીની બહેનો તરફથી ફરાળી નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ તેનો બધાએ લાભ લઇને બધા છુટા પડ્યા હતા.





# શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ, વડોદરા







શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ, વડોદરાના શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલયે તથા અચલગચ્છ ભવન, રાવપુરા ખાતે પર્યુષણ પર્વની ઉજવણી દર વર્ષની જેમ રંગેચંગે ધાર્મિક અનુષ્ઠાનો સહ કરવામાં આવેલ. આ વર્ષે પર્વ દરમ્યાન વ્યાખ્યાનની જવાબદારી શ્રીમતી કલ્પનાબેન અનીલભાઇ ગડાએ ખૂબ જ સારી રીતે નિભાવી હતી.

પર્વ દરમ્યાન આયોજિત કાર્યક્રમોમાં સંઘના ભાઇ બહેનોએ ભાગ લઇને બધા કાર્યક્રમો પાર પાડ્યા હતા. શ્રી કલ્પસુત્ર પધારવવાનો તથા પ્રભુજીના પારણાંનો લાભ અ.સૌ. ચંદનબેન વિસનજી છેડા પરિવારે લીધો હતો. કલ્પસૂત્રનો વરઘોડો વડોદરાના રાજમાર્ગો પ્રભુજીના રથ સાથે નીકળેલ. પ્રભુના રથના લાભાર્થી અ.સૌ. વિજયાબેન કાંતિલાલ કારાણી પરિવાર, અક્ષય નિધિ કુંભના લાભાર્થી અ. સૌ. બીનાબેન જયેશ ગડા પરિવાર તથા અક્ષય નિધિ પોથીના લાભાર્થી કુ. ચાર્મી શીલાબેન શરદ નંદુ પરિવારે લીધેલ. ભાદરવા સુદ બીજના રોજ શ્રી વીરપ્રભુનું જન્મ વાંચન તથા સ્વપ્ન દર્શનની બોલીમાં સમગ્ર સંઘે ઉમળકાભેર ભાગ લીધેલ. શ્રી શાલિભદ્ર ભંડારાના ચડાવાનો લાભ અ.સૌ. વૈભવી નીર ગડા પરિવારે લીધો હતો.

સંઘ દ્વારા સોળભત્તા, અઠ્ઠાઇ વિગેરે તપસ્યાઓ કરનાર તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. આ વર્ષે કુલ ૧૧ તપસ્વીઓએ વિવિધ તપ કરેલ હતા. બારસા સૂત્ર વાંચન માટે સુભાનપુરા સંઘના બાલુભા જૈન ભવન (મેહુલ સોસા.)માં ચાતુર્માસાર્થે સ્થિરતા ધરાવતા પ.પૂ.આ.ભ. શ્રી નરરત્નસૂરીશ્વરજીના શિષ્યરત્ન પધાર્યા હતા. સંઘ ચૈત્ય પરિપાટીરૂપે સુભાનપુરા શ્રી વાસુપૂજ્ય જિનાલયે ગયેલ. પર્વ દરમ્યાન દરરોજ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ જેનો લાભ વિવિધ લાભાર્થીઓએ લીધેલ હતો.

છઠ્ઠના સવારે જિનાલય દ્વાર ઉદઘાટનનો લાભ માતુશ્રી પાનબાઇ કલ્યાણજી ગડા પરિવારે લીધેલ ત્યારબાદ સંઘ દ્વારા તપસ્વીઓના પારણા તથા નવકારશીનો કાર્યક્રમ હતો. ત્યારબાદ સામુહિક ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ. વડોદરા શહેરની મધ્યમાં આવેલ આ મનોહર જિનાલયની સાથે સમગ્ર વર્ષ દરમ્યાન ભોજનશાળા તથા યાત્રિકભવનની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે.





# શ્રાવણ માસનું મહત્વ વધારતા ૧૨ જ્યોતિર્લિંગોની કથા(૨)

લેખકઃ મનોજ ઇન્દ્રવદન આચાર્ય, રાજકોટ

ભારતમાં ૧૨ જ્યોતિર્લિંગરૂપે તે સાક્ષાત વિદ્યમાન છે અને પૂજનીય છે. આ જ્યોર્તિલિંગોના નામો છે (૧) સોમનાથ, (૨) મલ્લિકાર્જુન, (૩) મહાકાલેશ્વર, (૪) અમ્લેશ્વર, (૫) કેદારનાથ, (૬) ભીમેશ્વર, (૭) વિશ્વનાથ, (૮) ત્ર્યંબકેશ્વર, (૯) વૈદ્યનાથ, (૧૦) રામેશ્વર, (૧૧) નાગેશ્વર અને (૧૨) ઘુશ્મેશ્વર.

'જ્યોતિર્લિંગ' એટલે એવા સ્થળો જ્યાં ભગવાન શંકર દિવ્ય જ્યોતી સ્વરૂપે પ્રગટ થયા હોવાનું માનવામાં આવે છે.

આપણે ગયા અંકમાં ૬ જ્યોર્તિલિંગોની કથા જોઇ હવે આગળઃ

### (૭) કાશી વિશ્વનાથઃ



કાશી કે વારાણસી તરીકે જાણીતા ઉત્તર પ્રદેશના આ શહેરમાં આવેલ કાશી વિશ્વનાથ મંદિરમાં છે સાતમા જ્યોતિર્લિંગ. આ મંદિર ગંગા નદીના કાંઠે આવેલ છે. કાશી વિશ્વની સૌથી પુરાણી નગરી કહેવાય છે. જેનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ છે. પૌરાણિક કથા મુજબ રાજા દિવોદાસે કાશી નગર વસાવ્યું હતું. ભગવાન શંકરને કાશી નગરી અત્યંત પ્રિય લાગતા તેઓ અહિંયા આવી ગયા. એમના સાન્નિધ્યમાં રહેવા માટે દેવતાઓ પણ અહીં આવીને રહેવા લાગ્યા. આને કારણે રાજા દિવોદાસને તેમનું આધિપત્ય ખોવાવા લાગ્યું તેનું દુઃખ લાગતા કઠોર તપસ્યા કરી બ્રહ્માજી પાસે વર માંગ્યું કે દેવતાઓ દેવલોકમાં જ રહે, ભૂલોક મનુષ્યો માટે જ રહે. બ્રહ્માજીએ તથાસ્તુ કહી દીધું તેથી શિવજી અને દેવોને કાશી છોડવી પડી. પણ કાશી નગરી માટે શિવજીનો મોહ ભંગ થયો નહીં એથી તેમને કાશીમાં પુનઃ વસાવવા બધાએ ખુબ પ્રયાસ કર્યા. અનેક જ્ઞાનોપદેશથી રાજા દિવોદાસ વિરક્ત થયા. એક શિવલિંગની સ્થાપના-અર્ચના કરીને તેઓ શિવલોક ગયા ને મહાદેવ કાશી પાછા આવી ગયા. ભગવાન વિશ્વનાથની કાશી સંપૂર્ણ જગતની રક્ષા કરે છે એમ કહેવાય છે. અહીંના મુખ્ય મંદિર પરના સુવર્ણ કળશ માટે મહારાજા રણજિતસિંહે હજાર કિલો સુવર્ણદાન કરેલ. અહીંની વિશેષતા એ છે કે અહીંના લિંગની બેઠક શંખના આકારની નથી પરંતુ ચોરસ આકારની છે. આદિ કાળથી જ વિદ્યા માટે પ્રસિદ્ધ આજે પણ બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયને કારણે પ્રખ્યાત છે. વર્ષ ૧૭૩૫માં અહિલ્યાબાઇએ મંદિરનું પુનઃનિર્માણ કરેલ. ૨૦૨૧માં કાશી વિશ્વનાથ કોરીડોર બનતા સંપૂર્ણ પરિસરની કાયાકલ્પ થઇ ગઇ છે. બાબા વિશ્વનાથ મંદિરના વિસ્તારમાં ૨૭ મંદિરો છે જેનાથી અહીંની ભવ્યતાનો અંદાજ આવે છે. હવે તમે ગંગા-સ્નાન કરી ગંગા જળ લઇને સીધા બાબા વિશ્વનાથના દર્શન કરી શકો એવી વ્યવસ્થા થઇ છે.



### (૮) ત્રંબકેશ્વર જ્યોતિર્લિંગઃ


મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લાના ત્રંબક શહેરમાં આવેલ ત્રંબકેશ્વર શિવના ૧૨ જ્યોતિર્લિંગમાંનું આઠમું જ્યોતિર્લિંગ છે. નાસિકથી ૨૮ કિ.મી. દૂર ત્રંબકેશ્વર મંદિરના પરિસરમાં આવેલ કુંડ કુશાવર્ત ગોદાવરી નદીનો સ્ત્રોત ગણાય છે. હાલનું મંદિર પેશ્વા બાલાજીરાવ (નાનાસાહેબ) દ્વારા બાંધવામાં આવેલ. પંદર ફૂટ ઊંચા કિલ્લાથી સુરક્ષિત ૯૦ ફૂટ પહોળું, ૧૧૫ ફૂટ લાંબુ અને ૯૫ ફૂટ ઊંચુ સ્થાપત્ય ધરાવતું કાળા પથ્થર પર અદભૂત કોતરણીવાળું ભવ્ય મંદિર અહીં છે. અહીંનું જયોર્તિલિંગ પરંપરાગત શિવલિંગ જેવું નથી. ગર્ભગૃહની અંદર વિશાળ થાળામાં ઊંડો ખાડો છે જેમાં જયોર્તિલિંગ છે જે અહીં વહેતી ગૌતમી નદીના પાણીથી ભરાયેલ રહે છે. જયાંથી જળ સ્ત્રાવ થાય છે તે મુખને હાથથી બંધ કરવામાં આવે ત્યારે ઊંડે આવેલ મોટા લીંબુ જેવડા ત્રણ લિંગો અને ચોથો ખાડો સ્પષ્ટ દેખાય છે. પૌરાણિક કથા મુજબ પ્રાચીન કાળમાં વર્ષો સુધી પડેલ દુકાળને કારણે લોકોના થતા સ્થળાંતરને રોકવા ગૌતમ ઋષિએ તપ કરી વરૂણદેવને પ્રસન્ન કર્યા. એક વખત કોઇ બાબતે ઋષિ પત્નીઓ અને ગૌતમ ઋષિના પત્ની અહિલ્યા વચ્ચે વિવાદ થયો તેમાંથી ગૌતમ ઋષિ સાથે બદલો લેવાની ભાવનાથી ઋષિઓએ ભગવાન ગણેશની કઠોર તપસ્યા કરી તેમને સાથ આપવા મનાવી લીધા. તેથી ગણેશ એક દુર્બળ ગાયનું રૂપ ધારણ કરી ગૌતમ ઋષિના ખેતરમાં આવ્યા ત્યારે ગૌતમ ઋષિએ ચારો ખવડાવતા ગાય મરી ગઇ અને તેમના પર ગૌહત્યાનું પાપ નાખી દીધું. તેમાંથી મુક્ત થવા ત્રણ વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની સજા સાથે અન્ય સજાઓ કરી ગંગાને લાવવાનું કહ્યું. ગૌતમ ઋષિ અને પત્ની અહિલ્યાએ મહાદેવનું શિવલિંગ બનાવીને તેમની આરાધના શરૂ કરી તેમને પ્રસન્ન કર્યા. જ્યારે ઋષિએ તેમને ગૌહત્યાના પાપમાંથી મુક્ત થવાનું વરદાન માંગ્યું ત્યારે ખબર પડી કે તેઓ તો ઋષિઓના ષડયંત્રનો ભોગ બન્યા છે. ત્યારે ઋષિએ ભગવાન શિવને ગંગાને આ સ્થળ પર પ્રકટ થવા વિનંતી કરતા મા ગંગા અહીં પ્રગટ થયા જે ગોદાવરીના નામથી ઓળખાવા લાગ્યા અને તેને કિનારે ભગવાન શંકર, બ્રહ્મા, વિષ્ણુ અને ઇન્દ્ર એમ ચાર શિવલિંગ સ્વરૂપે શિવજી અહીં સ્થિત થયા. એક વખત ઇન્દ્રએ અહલ્યાના રૂપથી મોહિત થઇ તેનો ઉપયોગ કર્યો, તેની સજારૂપે ભગવાન શંકરે અહીંથી તેમને કાઢી મૂકયા. તેથી ત્યાં ખાડો રહ્યો. આમ, ત્રણ લિંગનું બનેલુ આ જયોર્તિલિંગ ત્ર્યંબકેશ્વર કહેવાય છે. દર બાર વર્ષે અહીં કુંભમેળો ભરાય છે.




### (૯) વૈદ્યનાથ જ્યોતિર્લિંગઃ

ઝારખંડના દેવધર નામક સ્થાન પર સ્થિત ૧૨ જ્યોતિર્લિંગોમાં નવમું સ્થાન વૈદ્યનાથ મહાદેવનું છે. આના સાથે જોડાયેલી કથામાં થોડા મતમતાંતર છે. જેમાં પ્રથમ દેવધર ઝારખંડ, બીજું પરલી મહારાષ્ટ્ર, ત્રીજું હિમાચલ પ્રદેશ જણાવવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના પરલી ખાતે શિવમહાપુરાણ અનુસાર આ જ્યોતિર્લિંગ સીતાભૂમિ પાસે સ્થિત છે. આ સ્થાન ૫૧ શક્તિપીઠો પૈકી એક છે. રાવણ શિવભક્ત હોવાની સાથે વિદ્વાન હતો. દસ ક્ષેત્રના પંડિતોની બુદ્ધિ તેનામાં હતી એટલે તેને દસ મસ્તકધારી કહેતા. સીતા સ્વયંવરની નિષ્ફળતા બાદ સર્વશક્તિમાન બનવા તે કૈલાસ પર્વત ઉપર તપ કરવા લાગ્યો. તેની ઇચ્છા ભગવાન શંકરને તેના મહેલમાં હંમેશ માટે વાસ કરાવવાની હતી. પણ મહાદેવ પ્રસન્ન ન થતાં એ મહાયજ્ઞની અગ્નિમાં તેના એક પછી એક મસ્તક કાપીને હોમવા લાગ્યો. નવ મસ્તકો હોમાઈ ગયા ને દસમું મસ્તક કાપવા જતો હતો ત્યાં ભોળાનાથ પ્રગટ થયા ને રાવણને વરદાન માગવાનું કહેતા રાવણે માંગ્યું કે, 'કાયમ વાસ કરવા આપને લંકા લઇ જવાની ઇચ્છા પૂરી કરો.' 'તથાસ્તુ' કહી પોતાનું જ્યોતિર્લિંગ રાવણના હાથમાં મૂકતાની સાથે ચેતવણી આપી કે 'આ જ્યોતિર્લિંગ પૃથ્વી ઉપર જે સ્થળે મૂકીશ ત્યાં સ્થિત થશે અને ત્યાર પછી ત્યાંથી ઊઠશે નહીં.' રાવણને આકાશમાર્ગે લંકા જતી વખતે રસ્તામાં લઘુશંકા નિવારણની આવશ્યકતા ઊભી થતાં એક ગોવાળિયાને જ્યોતિર્લિંગને જમીન પર નહીં મૂકવાની સૂચના સાથે તેના હાથમાં આપ્યું પણ તેના વજનથી થાકી ગોવાળિયાએ જ્યોતિર્લિંગને જમીન પર મૂકી દીધું. રાવણ પાછો ફર્યો ત્યારે તો આ જ્યોતિર્લિંગ ધરતી ઉપર સ્થિત થઇ ચૂક્યું હતું. રાવણનાં કપાઇ ગયેલ મસ્તક શંકર ભગવાને વૈદ્યરાજની જેમ સાંધીને જોડી આપેલ તેથી આ જ્યોતિર્લિંગ 'વૈદ્યનાથ' નામથી ઓળખાયું. વૈદ્યનાથ ધામનાં પરિસરના મંદિરોને સફેદ રંગથી રંગવામાં આવ્યા છે. આ મંદિરનો મુખ્ય દ્વાર બિહારના રાજા પુરાણમલે ઇ.સ. ૧૫૧૬માં બંધાવેલ. મુખ્ય મંદિરનો કળશ સોનાનો છે. સંથાળ જાતિના લોકો જેઓ નાસ્તિક હતા, તેમણે મંદિરના કળશમાં તીરથી છેદ કરતા તેમાંથી ભમરાઓ નીકળી તેમને કરડવા લાગ્યાં. તેમણે મહાદેવની ક્ષમા માંગી અને શિવભક્ત બની ગયાં. ત્યારબાદ તેમની રાજમાતાને બાબા વૈદ્યનાથે સ્વપ્નમાં આદેશ આપ્યો કે તાંબાનો કળશ જીર્ણ થઇ ગયેલ છે તેને બદલાવો ત્યારે રાજમાતાએ સવામણ સોનાનો કળશ ચડાવેલ જે આજે પણ મંદિરમાં જોઇ શકાય છે.

# શ્રાવણ માસનું મહત્વ વધારતા ૧૨ જ્યોતિર્લિંગોની કથા (૨)







### (૧૦) નાગેશ્વર જ્યોતિર્લિંગ:

ગુજરાતમાં દ્વારકાથી ૧૮ કિ.મી. દૂર સ્થાપિત નાગેશ્વર જ્યોતિર્લિંગ દસમા ક્રમાંકે આવે છે. અહીં દ્વારકાધીશ શિવજીનો રૂદ્રાભિષેક કરતા હતા. એક કથાનુસાર અહીં સમુદ્રના કિનારે દારુક નામનું વન હતું, જેમાં દારુકા નામની રાક્ષસી રહેતી હતી. શિવપુરાણ અનુસાર આ વનમાં નાગોનો વસવાટ હતો. દારુકા રાક્ષસી સમુદ્રના રસ્તે જતા લોકોને પકડીને લૂંટી લેતી કે મારી નાખતી. એક વખત તેણે પકડેલા કેદીઓમાં સુપ્રિય નામનો ભગવાન શિવનો પરમ ભક્ત હતો. તે જેલમાં પણ શિવજીના પાર્થિવ લિંગની પૂજા કરતો હતો અને બીજા કેદીઓને પણ મંત્રોથી શિવજીની પૂજા કરતાં શિખવ્યું તેથી બધા પકડાયેલ લોકો શિવપૂજા કરવા લાગ્યા. એ સમયે એક ઘટના બની ને તેને શિવજીનું સુંદર રૂપ દેખાયું. દારુકાને આ વાતની ખબર પડતા તેણે સુપ્રિયને આ બાબતે પૂછ્યું ત્યારે સુપ્રિયે જણાવ્યું કે તે કશું જ જાણતો નથી. આથી દારુકા ક્રોધિત થઇ ને સુપ્રિયને મારી નાખવાનો આદેશ આપ્યો. સુપ્રિયે સંકટમાંથી ઉગારી લેવા શિવજીને પ્રાર્થના કરી. સુપ્રિયની પ્રાર્થના સાંભળી, જમીનમાંથી અચાનક એક મંદિર નીકળ્યું જેમાં જ્યોતિ સ્વરૂપે શંકર ભગવાન પરિવાર સહ બિરાજમાન હતા. શિવજીએ સુપ્રિયને અભયદાન આપ્યું ને રાક્ષસોનો નાશ કર્યો. આમ નાગભૂમિમાં શિવજી પ્રગટ થયાં હોવાથી આ સ્થળ નાગેશ્વરના નામે પ્રસિદ્ધ થયું. થોડા વર્ષો અગાઉ ટી સીરીઝવાળા ગુલશનકુમારના પરિવારે આ મંદિરનું જિર્ણોદ્ધાર કરાવ્યું હતું. હાલમાં મુખ્ય મંદિરની બાજુમાં જ શિવજીની ધ્યાનસ્થ મુદ્રામાં ૧૨૫ ફૂટ ઊંચી ભવ્યમૂર્તિ આવેલ છે જેના બે કિ.મી. દૂરથી પણ દર્શન થાય છે. અહીં અભિષેક માત્ર ગંગાજળથી જ થાય છે તથા અભિષેક કરનાર ભક્તોને મંદિર સમિતિ તરફથી ગંગાજળ આપવામાં આવે છે. જ્યોતિર્લિંગ પર જ એક ચાંદીના નાગની આકૃતિ બનેલી છે, પાછળ માતા પાર્વતિની મૂર્તિ છે. દ્વારકાને કુશસ્થળી તરીકે પણ ઓળખવામાં આવે છે જેના રાજા રૈવત મૂળરૂપે તક્ષક નાગ જ હતા.

### (૧૧) રામેશ્વર જ્યોતિર્લિંગ:

રામેશ્વરમ જ્યોતિર્લિંગ મંદિર તમિલનાડુના રામનાથપુરમ જિલ્લામાં આવેલ છે. રામેશ્વરમને અગિયારમું જ્યોતિર્લિંગ માનવામાં આવે છે. રામાયણ સમયે ત્રેતા યુગમાં ભગવાન વિષ્ણુએ અસુરોનો અંત કરવા માટે રામ અવતાર લીધો હતો. પૌરાણિક ગ્રંથો અનુસાર ભગવાન રામ જ્યારે યુદ્ધ માટે લંકા જઇ રહ્યા હતા ત્યારે તેમણે સમુદ્ર કિનારે શિવલિંગ બનાવીને ભગવાન શિવને પ્રસન્ન કરીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારે રામે ભોલેનાથને વિનંતી કરી હતી કે તેઓ હંમેશાં આ જ્યોતિર્લિંગ સ્વરૂપમાં અહીં રહે. તેમની આ પ્રાર્થના સ્વીકારી શીવજી જ્યોતિર્લિંગ તરીકે બિરાજમાન થયા હતા. શિવપુરાણ મુજબ લંકા પર ચડાઇ માટે બનાવેલ પથ્થરના પુલને ભવિષ્યમાં કોઇપણ લંકા પર ચઢાઇ ન કરે એ હેતુથી વિભિષણની વિનંતી બાદ ધનુષકોટિ પાસે તોડી નાંખ્યો હતો. રામેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનો વિસ્તાર ૧૫ એકરમાં છે. હાલના મંદિરની ઇ.સ. ૧૪૧૪માં પુનઃરચના કરવામાં આવી હતી. મંદિરના મુખ્ય દ્વાર ઉપર સો ફૂટ ઊંચું ગોપુરમ છે. રામેશ્વરમ મંદિરનો કોરિડોર દુનિયાનો સૌથી મોટો કોરિડોર માનવામાં આવે છે.

મંદિરની અંદર વિશાળ ૧૨૧૨ થાંભલાઓ છે, જે દેખાવે તો એક સમાન લાગે છે પણ નજીકથી જોતા ખબર પડે છે કે દરેક થાંભલામાં અલગ કારીગરી થયેલ છે. અહીંની વાસ્તુકલા તથા શિલ્પ શૈલી અદભૂત છે. મંદિરમાં છતમાં એક સ્થાને કરાયેલ શિવલિંગનું ચિત્રકામ દરેક ખૂણાથી એકસરખું જ લાગે છે. મંદિરના અગ્નિતીર્થમ કુંડમાં શ્રી રામે સ્નાન કરવાનું મનાય છે. રામેશ્વર મંદિરની એક તરફ હિંદ મહાસાગર ને બીજી બાજુ બંગાળની ખાડી હોવાથી આ સ્થળનું સૌંદર્ય પણ આકર્ષક છે. આદિ ગુરૂ શંકરાચાર્યજીએ ચાર ધામની સ્થાપના કરી તેમાં રામેશ્વર પણ સામેલ છે.

આ સ્થળ સમગ્ર દેશ સાથે રેલ્વેથી જોડાયેલ છે. નજીકનું એરપોર્ટ મદુરાઇમાં છે.

### (૧૨) ઘુશ્મેશ્વર જ્યોતિર્લિંગ:

ઘુશ્મેશ્વર (કે ગ્રીષ્નેશ્વર) એ ૧૨ જ્યોતિર્લિંગમાંનું અંતિમ જ્યોતિર્લિંગ છે. આ મંદિર મહારાષ્ટ્રના દૌલતાબાદ નજીક છે. અહીંથી ઇલોરાની ગુફાઓ નજીક છે. પૌરાણિક કથાનુસાર તથા શિવપુરાણમાં વર્ણિત કથા મુજબ દક્ષિણમાં દેવગિરિ પર્વત નજીક સુધર્મા નામનો બ્રાહ્મણ તેની પત્ની સુદેહા સાથે રહેતો હતો. આ શિવભક્ત દંપતીને ત્યાં શેર માટીની ખોટ હતી. સુદેહાએ જીદ કરી તેની જ બહેન ઘુશ્મા સાથે પતિના બીજા લગ્ન કરાવ્યા સાથે વચન પણ આપ્યું કે તે ક્યારેય તેની બહેનની ઇર્ષ્યા નહીં કરે. શિવજીની કૃપાથી ઘુશ્માને પુત્રની પ્રાપ્તિ થઇ અને તેનું માન વધ્યું અને સુદેહા ઇર્ષ્યાથી બળવા લાગી. જ્યારે ઘુશ્માના પુત્રના લગ્ન થયા ત્યારે ઇર્ષ્યા થકી સુદેહાએ તેની હત્યા કરીને તેના ટુકડા કરી તેને એ જ તળાવમાં નાખ્યા જ્યાં ઘુશ્મા પાર્થિવ શિવલિંગનું વિસર્જન કરતી. સવારે ઘરમાં રોકકળ મચી પણ ઘુશ્માએ જરાય વિચલિત થયા વિના કહ્યું કે જેણે પુત્ર આપ્યો છે તે જ તેની રક્ષા કરશે ! ત્યારબાદ ઘુશ્માએ તેના પુત્રને તળાવ કિનારે સજીવન જોયો ત્યારે બણ તે શિવ ભક્તિમાં લીન હતી. આખરે ભક્તવત્સલ મહાદેવ પ્રગટ થયા અને સુદેહાને મારવા ધસ્યા ત્યારે ઘુશ્માએ તેમને રોકી પોતાની બહેનને ક્ષમા કરવા કહ્યું. ઘુશ્માની કરૂણાથી પ્રસન્ન દેવે તેને વર માંગવા કહેતા ઘુશ્માએ મહાદેને ત્યાં જ વિદ્યમાન થવા પ્રાર્થના કરી અને શીવજી ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગના રૂપે બિરાજમાન થયા. મંદિરનું પુનઃનિર્માણ ૧૬મી સદીમાં વેરુળના માલોજી રાજે ભોંસલે (છત્રપતિ શિવાજીના દાદાજી) દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ૧૮મી સદીમાં ઇન્દોરનાં અહિલ્યાબાઈ હોળકરે તેનું પુનઃનિર્માણ કરાવેલ. આ મંદિર વાસ્તુકલાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મંદિરના વિશાળ સભા ખંડ નકશીકામવાળા ૨૪ થાંભલા સાથે બનાવેલ છે. આ મંદિરની વિશેષતા એ છે કે અહીં શીવજી સાથે પુત્ર ગણેશ પણ બિરાજ્યા છે. ઔરંગાબાદથી અહીંના પ્રવાસમાં ઘટાદાર ઝાડો, ઉંચા પહાડ, ઇલોરાની ગુફાઓની પાસેથી મંદિરનો રસ્તો નીકળે છે.



## કચ્છની દિકરી પન્નાબેન મોમાયાની બદલી

વડોદરાના **DCP-( Zone 4)** ના કચ્છની દીકરી પન્નાબેન મોમાયાની બદલી સુરત ટ્રાફિક **DCP** તરીકે થયેલ છે. છેલ્લા સાડાત્રણ વર્ષથી પન્નાબેન વડોદરામાં સેવારત હતા. વડોદરાના લોકોમાં અને ખાસ કરીને દરેક કચ્છી સમાજોમાં પન્નાબેન મહિલા અફસર તરીકે ખૂબ જ હળીભળી ગયા હતા. મૂળ કચ્છ તેરાના પન્નાબેને તેમની કેરીયરની શરૂઆત અમદાવાદથી કરી હતી. ડ્યુટીની સાથે રમતગમતમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ પણ કર્યું છે. ક.દ.ઓ.જૈન જ્ઞાતિના પન્નાબેન જૈન ધર્મને અનુસરે છે અને ફરજની સાથે ધાર્મિક તેમ જ સામાજિક કાર્યક્રમોમાં પણ તેમની હાજરી હોય છે. વિનમ્ર સ્વભાવ ધરાવતા પન્નાબેનની વિદાય થતા તેમની ખોટ આપણને સાલશે. એમના એક વિદાય સમારંભમાં તેમણે વડોદરાવાસીઓને કોઇપણ કામ હોય તો યાદ કરવા જણાવ્યું હતું. એમને ભવિષ્યમાં વધુ સફળતા પ્રાપ્ત માટે બધાની શુભકામનાઓ.

## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂા.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂા. ૧૦/- એકસ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂા. ૩/-

જાહેરખબર દર મહિનાની ૧૦મી તથા ૨૫મી તારીખ સુધી જ મોકલવી. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ GPay, PhonePe, Paytm પર કે UPI id: npbaroda@icici પર પણ મોકલાવી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and
For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Danteswer Main Road, Vadodara 390009, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT
Cooking & Baking Classes

*New Vision & New Varieties*



B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015
Website : www.variantclass.in
Email: variantclass@gmail.com



*Varsha Patel*
M: 9426326389

SINCE 1995
VARIANT
COOKING CLASSES

Certificate Course

A Culinary Art Class
Regd. with DIC, Vadodara
(Govt. of Gujarat)

D/601, Smruddhi Satvik, Behind Bansal Mall, Danteswar Main Road, Vadodara - 390009.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
## સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૭૯૨/- માં*
અડધા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૩૯૬/- માં*
પા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૧૮૮/- માં*
*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

### ધંધાકીય

આપ કોઇપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઇ આઇટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### જ્યોતિષ

આપ જ્યોતિષ, કુંડલી, ભવિષ્યવાણી જેવા વ્યવસાય સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### કુરીયર

આપ લોકલ, રાષ્ટ્રિય કે ઇન્ટર નેશનલ કુરીયર કંપની સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

**કચ્છ-અર્પણ** — કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine**
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| | 1 Month | 1 YEAR |
|---|---|---|
| FULL PAGE | 2,000 | 10,000 |
| HALF PAGE | 1,000 | 5,000 |
| QTR. PAGE | 500 | 2,500 |
| DISPLAY AD | | 1,000 |

વડોદરાના કચ્છીઓનું **સમાજ-દર્શન** — એક મજાનું પખવાડિક — દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| | 6 Months | 12 Months |
|---|---|---|
| FULL PAGE (2000 per advt) | 10,000 | 18,000 |
| HALF PAGE (1000 per advt) | 5,000 | 9,500 |
| QTR. PAGE (500 per advt) | 2,500 | 4,500 |
| DISPLAY Ad (250 per advt) | 1,000 | 2,000 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી *4.6 + rated on E- survey*
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ







વડોદરાના કચ્છી સમાજોને
રૂપારેલ પરિવાર તરફથી
હાર્દિક શુભેચ્છાઓ...

કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
તરફથી
ખૂબ ખૂબ વધાઇઓ

કચ્છ કોઠારા– વડોદરા

# સ્વાસ્થય (હીલિંગ) ઉર્જાનો સંચાર કરતા ભાગ્યશાળી છોડ

સાત ભાગ્યશાળી છોડ જે તમારા ઘરમાં સ્વાસ્થય (હીલિંગ) ઉર્જાનો સંચાર કરે છે.સુંદર સજાવટ સાથે તમારા ફ્લેટ કે બંગલામાં આ ભાગ્યશાળી છોડ ઘરમાં સંવાદિતા, ઉપચાર અને થોડી વધારાની સંપત્તિને આમંત્રણ આપે છે એમ શાસ્ત્રોનું માનવું છે. સાથે સાથે તમારી જગ્યામાં તે ઉર્જાનો સંચાર કરે છે. આપણી આસપાસમાં જ મળતા આ કયા છોડ છે તે જાણીએ.

જ્યારે એવું ઘરના ઇન્ટીરીયરની વાત આવે ત્યારે તેમાં છોડ ઉમેરવા એક સારું ઑપ્શન છે. તે તમારા ઘરને સુંદર તો બનાવે છે અને સાથે સાથે વાસ્તુ શાસ્ત્ર કે ફેંગ શુઇ જેવી પ્રાચીન પ્રથાઓ મુજબ તે દિશાઓના દોષોને નિવારે છે, હવાને શુદ્ધ કરે છે અને આપણને પ્રકૃતિ સાથે ફરીથી જોડાવાની યાદ અપાવે છે. જો કે તેની માવજત જરૂરી છે નહીં તો નઠારા બાળકની જેમ તમારાથી રીસાઇને કરમાઇ જશે.

આજના લેખમાં આપણે આવા કેટલાક લકી કે ભાગ્યશાળી ઇન્ડોર છોડ જોઇશું.

તુલસી : તુલસી સ્પષ્ટતા, રક્ષણ અને શાંતિ માટે શ્રેષ્ઠ છે.



ભારતમાં તુલસીનું મહત્વ એક છોડ કરતાં વધુ છે, તે પવિત્ર છે. મોટે ભાગે તેને આંગણામાં કે બાલ્કનીમાં મુકાય છે. પરંપરાગત રીતે તેને ઔષધીય ગુણધર્મો તથા આધ્યાત્મિક શુદ્ધિકરણ માટે પણ ઉગાડવામાં આવે છે. વાસ્તુ અનુસાર, તુલસીને ઉત્તરપૂર્વમાં મૂકવી વધુ શુભ છે, જે સકારાત્મક ઉર્જા ખેંચવામાં અને કંપનને દૂર રાખવામાં મદદ કરે છે. તુલસીમાં એન્ટિમાઇક્રોબાયલ અને અનુકૂલનશીલ ગુણો છે જે તમારા શરીર તથા ઘરને તણાવનો સામનો કરવામાં મદદ કરે છે. તેને પૂર્વ અથવા ઉત્તરપૂર્વ તરફ સૂર્યપ્રકાશવાળી જગ્યાએ માટીના કુંડામાં ઉગાડવી શ્રેષ્ઠ છે.

મની પ્લાન્ટ: મની પ્લાન્ટ સમૃદ્ધિ અને પોઝીટીવીટી માટે



શ્રેષ્ઠ મનાય છે. તેનું નામ જ તેનું કામ દર્શાવે છે. મની પ્લાન્ટ, તેના પાછળના વેલા અને હૃદય આકારના પાંદડાઓ સાથે, સંપત્તિ અને સ્થિરતાને આકર્ષે છે તેવું માનવામાં આવે છે. સાથે તે માનસિક ચિંતા ઘટાડે છે અને ઘરની અંદર ઓક્સિજનનો પ્રવાહ વધારે છે એમ પણ મનાય છે. ફેંગ શુઇ મુજબ તેને તમારા નાણાકીય વિકાસને ટેકો આપવા માટે તમારા રહેઠાણ કે ઑફિસમાં દક્ષિણપૂર્વ ખૂણામાં ઉગાડવું શ્રેષ્ઠ છે.



સ્નેક પ્લાન્ટ: સ્નેક પ્લાન્ટ રક્ષણ અને રચના માટે ઉત્તમ ગણાય છે. તીક્ષ્ણ, સીધા લાંબા પાંદડાઓ સાથે, સ્નેક પ્લાન્ટ ઝેર અને નકારાત્મક ઊર્જાને શોષી લે છે એવું મનાય છે. વાસ્તુ તથા ફેંગ શુઇ બંને શાસ્ત્ર તેને પ્રહાર સામે તેને 'ઢાલ' માને છે. આ છોડને પ્રવેશદ્વારમાં અથવા એવા ખૂણાઓમાં મુકવું જોઇએ જ્યાં ઊર્જા અટકેલી હોય. દક્ષિણ અને દક્ષિણપૂર્વમાં આ છોડને મુકવું શ્રેષ્ઠ છે.

જેડ પ્લાન્ટ: જેડ પ્લાન્ટ તમારી પ્રગતિ, નસીબ અને સારા



સમયને આવકારવા માટે શ્રેષ્ઠ મનાય છે. તેના ગોળાકાર પાંદડા જે સિક્કા જેવા દેખાય છે તે તમારી સિધ્ધિની વૃદ્ધિ અને જીવન સુંદર બનાવવાની ભાવના વ્યક્ત કરે છે. જેડ પ્લાન્ટ સંપત્તિ અને નસીબ સાથે જોડાયેલો પ્લાન્ટ મનાય છે. પરંપરાગત રીતે ચીની સંસ્કૃતિમાં ઘરમાં ઉર્જાને આવકારવા ભેટ તરીકે અપાય છે. તેને તકને આમંત્રણ આપવા ઘર કે ઑફિસના પ્રવેશદ્વારની નજીક મૂકવામાં આવે છે. જેડ પ્લાન્ટ ધીમી, સ્થિર અને સમૃદ્ધ ઊર્જા ફેલાવે છે એવું મનાય છે.

પીસ લિલી: પીસ લિલી ભાવનાત્મક સંતુલન અને શાંતી જાળવવા માટે શ્રેષ્ઠ મનાય છે. ભવ્ય દેખાવ ને ઓછી



જાળવણીવાળા છોડ તરીકે પીસ લિલી તેના નામ પ્રમાણે શાંતિની ભાવના આપે છે. તેના ચળકતા લીલા પાંદડા અને ક્યારેક થતાં સફેદ ફૂલો શાંતિના પ્રતિક છે અને તે એવા ઘરો માટે શ્રેષ્ઠ છે જ્યાં જીવન થોડું વધારે પડતા ઘોંઘાટવાળું લાગે છે. એક સંશોધન મુજબ તે સામાન્ય ઇન્ડોર હવામાંના ઝેરને ફિલ્ટર કરે છે જેને કારણે ઉર્જાથી તે સંઘર્ષને તટસ્થ કરી સંબંધોમાં સુમેળ બનાવે છે. આને લિવિંગ રૂમ કે બેડરૂમમાં ઓછા પ્રકાશમાં મુકવો શ્રેષ્ઠ છે.

લકી વાંસ: સ્થિતિસ્થાપકતા, સંતુલન અને પ્રગતિ માટે આ



છોડ શ્રેષ્ઠ ગણાય છે. આ છોડ ફેંગ શુઇનું પ્રતિક મનાય છે. તેની સ્વચ્છ રેખાઓ અને ઉપરની બાજુ પ્રગતિ શક્તિ અને સુગમતાના પ્રતીકો છે. તમે કેટલી દાંડી રાખો છો તેના આધારે આ છોડ વિવિધ આશીર્વાદોને આમંત્રણ આપે છે તેવું કહેવાય છે. સામાન્ય જ્ઞાન મુજબ સુખ માટે ત્રણ, સ્વાસ્થ્ય માટે પાંચ, સંપત્તિ માટે આઠ દાંડી મુકાય છે. તેને લાલ રિબનથી બાંધીને કાચના કન્ટેનરમાં મૂકવાથી સારા પરિણામ મળે એમ મનાય છે. તેને પૂર્વ કે દક્ષિણપૂર્વમાં, સીધા સૂર્યપ્રકાશથી દૂર મૂકવું શ્રેષ્ઠ છે.

એલોવેરા: હીલિંગ, નવીકરણ અને શાંતીના રક્ષણ માટે શ્રેષ્ઠ



મનાતું એલોવેરા એ મલ્ટિટાસ્ક કરતું છોડ છે. તે દાઝવા પર ખૂબ ઉપયોગી છે, સનબર્નને શાંત કરે છે, પાચનને ટેકો આપે છે સાથે વાસ્તુ અનુસાર ઘરની નકારાત્મક ઉર્જાને શોષી લે છે. તેના પાંદડા પાણી અને સ્થિતિસ્થાપકતાને સમાન પ્રમાણમાં સંગ્રહિત કરે છે. જેને આપણે નરી આંખે જોઇ શકતા નથી એવા કિરણો ધરાવતા ઇલેક્ટ્રોનિક્સ સાધનો પાસે તેની હાજરી અદૃશ્ય તાણને ઓછી કરવામાં મદદ કરે છે. તેને બારીઓ પાસે મુકવું શ્રેષ્ઠ છે જ્યાંથી તે પ્રકાશને ધીમેધીમે ફિલ્ટર કરે છે.

તમારા ઘર કે ઑફિસમાં આવા ભાગ્યશાળી છોડનો સમાવેશ ફક્ત અંધશ્રદ્ધા નથી, તેની પાછળ વિજ્ઞાન પણ છે. આ માન્યતાને તમે સ્વીકારો છો કે નહીં પણ તે પ્રકૃતિને આમંત્રિત કરી ઘરની શોભા વધારે છે તે નિર્વિવાદ વસ્તુ છે.



(સંદર્ભ : ચેરીશા સોનાવાલાના ઓનલાઇન આર્ટીકલ તથા ઇન્ટરનેટ પર ઉપલબ્ધ અન્ય માહિતી પરથી) સંકલન : નવીન પટેલ

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

## વાગડ વૈભવ

લેખક : મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

# ૧૮૫૭થી લઈને આઝાદી સુધીમાં વાગડની ભૂમિકા

વાગડ વિસ્તારને લોકગીતોમાં અંતરિયાળ અને સુવિધા વિહોણો બતાવ્યો છે, પરંતુ અહીંના લોકોની ખુમારી અને ખમીરાત અનન્ય છે. એટલે જ ૧૮૫૭ના આપણા ક્રાંતિકારીઓ વાગડ પ્રદેશમાં આવ્યા હશે. ભારત દેશમાં અંગ્રેજો વિરુધ્ધ ઇ.સ.૧૮૫૭માં પ્રથમ ક્રાંતિકારી ચળવળ થઇ, જેને દબાવવા માટે અંગ્રેજો દ્વારા દમનકારી પ્રવૃત્તિ કરવામાં આવતા અનેક ક્રાંતિકારીઓએ છુપા વેશે અલગ અલગ પ્રદેશમાં રહીને તેમની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. લોકવાયકા પ્રમાણે વાગડમાં ૧૮૫૭ના ક્રાંતિકારીઓ છુપી રીતે સાધુઓના વેશમાં આવ્યા, જેમાં જ્ઞાનગર બાપુ ભુટકિયામાં આવેલી પોરેશ્વર જાગીરમાં રહ્યા, રુદ્રભદ્ર બાપુ એકલ માતાજી ખાતે રહ્યા, ભભૂતગિરિ બાપુ જેમને સ્થાનિક લોકો નાના સાહેબ પેશ્વા કહે છે તેઓ વિથરોઇયા ડુંગર ખાતે રહ્યા, કાશીગર બાપુ ચીપિયા વડે ભોંયરું ખોદીને ચિત્રોડ ખાતે રહ્યા, રઘુભારથી બાપુ જેઓ ચમત્કારી હતા. સ્થાનિક લોકો તેમને સિંધ બાજુથી આવ્યા તેવું જણાવે છે, તેઓ પલાંસવા પાસે આવેલા અમરાપર ગામે રધીસર મહાદેવની જગ્યામાં રહ્યા અને તીડનાં આક્રમણ વખતે તેમણે નાના એવા ગોખલામાંથી ગરકાવીને તીડોને પાછા કાઢેલા અને ગામનું રક્ષણ કરેલું. આજે તે સ્થાન રઘુભારથી બાપુની જાગીર તરીકે ઓળખાય છે.

પોરેશ્વર જાગીર ભુટકિયા ખાતે જ્ઞાનગર બાપુ કચ્છ રાજ્યની મંજૂરી મેળવીને આસપાસનાં બાર ગામના લોકોને નાના-મોટા કેસમાં જેલ આપી શક્તા એ માટે જેલ બનાવી હતી. આ ઉપરાંત તેઓ ખૂબ પ્રભાવશાળી અને આધ્યાત્મિક હતા. જ્ઞાનગર બાપુની પોરેશ્વર જાગીરની જમીન મોટા પ્રમાણમાં હતી.

એક વખત લેઉવા પટેલો નવું ગામ વસાવવા માટે ગામનું નામ શું રાખવું તે માટે બાપુ પાસે ગયા હતા ત્યારે જ્ઞાનગર બાપુએ કાનપુર રાખજો એવું કહ્યું અને ગામનું નામ કાનપુર રાખ્યું. આજે તે કાનપર તરીકે બોલાય છે. આપણે જોઇએ તો આ સ્વાતંત્ર્ય સેનાનીઓની લડાઇ અંગ્રેજો સામે કાનપુર ખાતેથી થઇ હતી એટલે કોઇક રીતે જ્ઞાનગર બાપુ કાનપુર સાથે જોડાયેલા હશે અને સ્વાતંત્ર સેનાની હતા તે સાબિત થાય છે. વાગડના સ્થાનિક લોકો જ્ઞાનગર બાપુને તે તાત્યા ટોપે હતા તેવું જણાવે છે. ક્રાંતિકારીઓ ઉપર દમનકારી પ્રવૃત્તિ થઇ ત્યારે અનેક લોકો સ્થળાંતર કરીને અન્ય પ્રદેશોમાં તેમની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. જ્ઞાનગરભાપુ વિશે લોકમુખે રાહડો ગવાય છે. એક જૂનાં પુસ્તકમાં જ્ઞાનગર બાપુને ક્રાંતિકારી આઝાદીના લડવૈયા બતાવ્યા છે.

આજે આપણે જોઇએ એ પાંચ સ્થળ જ્યાં લોકવાયકા પ્રમાણે ૧૮૫૭ના ક્રાંતિકારીઓ રહ્યા છે. તે દરેક જગ્યા અંતરિયાળ ડુંગરોમાં અને પ્રભાવશાળી જગ્યાઓ છે, જ્યાંથી તેમણે છૂપી રીતે અંગ્રેજો વિરુધ્ધ ચળવળ ચાલુ રાખી હશે. વિથરોઇયો ડુંગર જ્યાંથી ભભૂતગિરિ બાપુ અંગ્રેજો સામે છૂપી રીતે લડ્યા અને આસપાસમાં ડુંગરાળ વિસ્તારની જગ્યાઓને આધ્યાત્મિક રીતે ચેતનવંતી કરી ગયા. આજે વાગડ વિસ્તારમાં આ જગ્યા મિની ગિરનાર તરીકે ઓળખાય છે.

કાશીગર બાપુ વીશે કહેવાય છે કે તેમણે ચિત્રોડ ખાતે નદીના કિનારે તેમના ચીપિયા વડે ભોંયરું ખોદી અંદર શિવની સ્થાપના કરી અને ત્યાં રહી છૂપી રીતે પ્રવૃત્તિઓ કરી હશે. આજે પણ આધ્યાત્મિક રીતે આ જગ્યાનું ખૂબ જ મહત્વ છે.

રુદ્રભદ્ર બાપુ જેઓ રણના કાંઠે તે સમયે આવ્યા અને એકલ માતાજીની પૂજા કરી અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ છૂપી રીતે કરતા રહ્યા ને જગ્યાને આધ્યાત્મિક રીતે ચેતનવંતી કરતા ગયા. આજે ત્યાં એકલ માતાજી જાગીર આવેલી છે. આ દરેક ક્રાંતિકારીઓ વિશે એક બાબત સામાન્ય આવે છે કે તેઓ શિવ અને શક્તિના ઉપાસક હતા. દેશ માટે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરી, ત્યારબાદ અધ્યાત્મ તરફ વળ્યા અને સાધુવેશ ધારણ કર્યો, તો તેમાં પૂર્ણતાને પામી ગયા.

વાગડ વિસ્તારમાં ૧૮૫૭ પછી જોઇએ તો અંગ્રેજો સામે આઝાદીની લડાઇમાં આ વિસ્તારમાંથી અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભાગ લીધો હતો તે બાબતે કાન્તિપ્રસાદ અંતાણી લેખિત પુસ્તક 'કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ' માં નામોની યાદી જોવા મળે છે, જેમાં છગનલાલ પ્રાગજી, રાપર (કચ્છ સ્વાતંત્ર્ય સેનાનીના ઉપપ્રમુખ પ્રમુખના ચાર્જમાં હતા) ઇંદરજી ગાગજી, ગાગોદર; અનોપચંદ પ્રાગજી, ભીમાસર; ખેંગાર દામજી, રાપર; ખાના રૂપા, રાપર; ગોપાલજી માનસંગ, રાપર; ગણેશ મોરાર સોની, રાપર; ગોરધનજી આણંદજી એડવોકેટ, ગોરધનદાસ જાદવજી શેઠ, ગોપાળદાસ પૂંજા શેઠ, જ્ઞાનગરજી બાપુ, ભુટકિયા; ગંગારામ ભેચરા, ભીમાસર; ચાંપશી નેણશી, વાગડ; છગનલાલ પ્રાગજી ઠક્કર, રાપર; છગનલાલ ભાઇચંદ, રાપર; જેઠા સાકરચંદ, કીડિયાનગર; જાદવજી રાઘવજી, રાપર; જાદવજી માનસંગ, રાપર; જગશી જીવરાજ, રાપર; તેજપાલ સાકરચંદ, પલાંસવા; ન્યાલચંદ લક્ષ્મીચંદ, રાપર; નાનજી બેચરા પટેલ, કાનપર; નાગાજી બળદેવપૂરી, ફતેહગઢ; પોપટ કુંવરજી, રાપર; પ્રેમચંદ ઉત્તમચંદ મોરબિયા, રાપર; ભોજાભાઇ અરજણ, રાપર; માના મોમાયા પટેલ, રાપર; મગનલાલ સોની, વલ્લભપુર; મોહનલાલ સોમચંદ મોરબિયા, રાપર; મગનલાલ શામજી, રાપર; રાઘવજી દીપચંદ, રાપર; રતના પાંચા પટેલ, ફતેહગઢ; વાલજી પૂંજા, ભુટકિયા; વનેચંદ ધરમશી, કીડિયાનગર; સ્વરૂપચંદ ન્યાલચંદ, રાપર; સોમચંદ જીવરાજ, રાપર; શિવચંદ દીપચંદ, રાપર; શિવજી સામજી કણબી, રવ; શિવજી ખોજા, રાપર; શુક્રદાસજી સ્વામી, શંભુલાલ રાઘવજી, શિવજી વિસનજી મોર, હરજીવન વાઘજી, રાપર; છગનલાલ ઇન્દરજી શાહ, ભીમાસર; ભૂરાજી લાખાજી ગોહિલ, ભીમાસરનો સમાવેશ થાય છે.

વાગડ વિસ્તારમાં ચરબા પ્રવૃત્તિઓ દ્વારા સ્વદેશી રૂ કાંતીને કાપડ બનાવવામાં આવતું, જે બાબતે વડીલો પાસેથી રૂબરૂ મુલાકાત દ્વારા જાણી શકાય છે. વાગડ વિસ્તારે ૧૮૫૭થી લઇને ૧૯૪૭ સુધી અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓ આપ્યા છે અને દેશસેવામાં અગ્રીમ ભૂમિકા ભજવી છે.

(વધુ આવતા અંકમાં...)

## ફોટો બોલે છે... ૨૭

Photo by Satish Shanischara, Mandvi.
M: 9925169663
Story by Navin Patel.




આપણા ઘરોને ઇન્ટીરીયરથી સજાવીએ છીએ ત્યારે નીત નવી ડીઝાઇનો અને નવી-નવી આઇડીયાઓ આપનારને ખૂબ જ માનપૂર્વક સાંભળીએ છીએ અને તેને મોટી રકમોથી નવાજીએ પણ છીએ. પણ ક્યારેય તમને આપણા માટે આવી સજાવટવાળી ચીજો બનાવનાર કારીગર, તેને કંડાવનાર, આગની ભઠ્ઠીથી માંડીને નાનામાં નાની ચીજનું ધ્યાન રાખીને પોતાની કારીગીરીથી ચીજ-વસ્તુ સજાવનાર, કોઇક ખોબલામાં વસતો એ કલાકાર તમને ક્યારેય યાદ આવે છે ખરો ?

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૧

# મહેણું કે માથાનો ઘા ?

લેખક - દુલેરાય કારાણીના પુસ્તક 'કચ્છની રસધાર'માંથી સાભાર

કચ્છની અસલી ભદ્રાવતી નગરી તે આજનું ભદ્રેશ્વર કે ભદ્રેસર કે ભદ્રવતી નગરી. આ ભદ્રેસરને કાળરૂપી જાદુગરે અનેક અવનવા સ્વાંગ સજાવ્યા છે. જેની કીર્તિકથા મહાભારતના સમયથી મશહૂર છે એવી આ પ્રાચીન ભદ્રાવતી નગરીમાં એક સમયે પઢિયાર રાજપૂતોની આણ વર્તતી હતી.

જેના બહાદુર સરદારોએ વીરધવળ રાજાના પ્રાણ બચાવ્યા હતા એવા ભીમસિંહ પઢિયારના પૂર્વજોનો એ સમય હતો. એની કુંવરી લીલાબાનું વેવિશાળ સિંધના સમા વંશના ચનેસર દાસડા જોડે થયેલું હતું. ચનેસર જામ મોટી જાન સાથે વાજતેગાજતે સિંધમાંથી ભદ્રેસર તરફ આવતો હતો.

કચ્છના ડોણ ગામ પાસેથી ચનેસર દાસડાની જાન પસાર થતી હતી. આ ડોણના ઠાકોર વીરમ ચાવડાને કોરૂ નામે એક સ્વરૂપવાન અને લાડકી કુંવરી હતી.

કોરૂના સગપણ માટે ઠેરઠેરથી માગાં આવતાં હતાં પણ કોરૂના પિતાનું જ્યાં-ત્યાં મન માનતું ન હતું. એટલે માગાંને પાછાં વાળતો હતો. તે કોઇ ઉત્તમ મુરતિયાની શોધમાં હતા. ડોણની રાજવાટિકામાં કોરૂ અને તેની ભાભી રેંટિયો કાંતતાં હતાં એ વખતે ત્યાંથી નોબતો અને નગારાંના ગગનભેદી ગડગડાટ સાથે ચનેસરની જાનનું સરઘસ પસાર થયું. જાનની લાંબી સવારી જોવા માટે કોરૂકુમારી ઉતાવળીઉતાવળી રેંટિયો મૂકીને ઊઠી. એની ભાભી જ્યાં રેંટિયો કાંતી રહી હતી ત્યાંથી ઝડપથી પસાર થતાં કોરૂનું વસ્ત્ર ભાભીના રેંટિયાની ત્રાકમાં આવી જતાં તેના રેંટિયાની ત્રાક મરડાઇ ગઇ.

રેંટિયાની ત્રાક મરડાઈ જતાં કોરૂની ભાભીને ગુસ્સો ચડ્યો. મશ્કરી અને ગુસ્સાના મિશ્રણ સાથે તેણે કોરૂકુમારીને કહ્યું: 'ચનેસરને જોવાની આટલી અધીરાઇ આવી છે તે એને પરણવું તો નથી ને ?

ભાભીનું મહેણું સાંભળીને કોરૂ ત્યાં જ બેસી ગઈ. આ મહેણું એને માથાના ઘા જેવું લાગ્યું. ભાભીના શબ્દો કોરૂના કાળજામાં તીર જેવા પેસી ગયા. તે તરત જ બોલી ઊઠી:

'ભાભી મેણાં મ માર, મેણું મથેજો ઘા,
ચનેસર મૂંજો રાજિયો, બેઆ મૂંજા ભા.'

કોરૂની આકરી પ્રતિજ્ઞા સાંભળી એની ભાભીને પોતાના શબ્દો માટે પશ્ચાતાપ થયો પરંતુ વહી ગયેલ નીર અને છૂટી ગયેલાં તીર કદી પાછાં વળે છે ? કોરૂનો આ નિશ્ચય દિવસેદિવસે દઢ થતો ગયો. કોરૂના પિતા વીરમ ચાવડાએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તે પણ ચિંતાતુર થઇ ગયો. કારણ કે ચનેસર દાસડા જેવો રાજવી તેના જેવા નાના જાગીરદારની કન્યા સ્વીકારે એ વાત અસંભવિત હતી. કોરૂને અનેક રીતે સમજાવી છતાં તે એકની બે ન થઇ. એ પોતાના નિર્ણયમાં હિમાલય જેવી અચળ હતી, મક્કમ હતી. ચનેસર એનું પાણિગ્રહણ ન કરે તો જિંદગી અવિવાહિત વિતાવવી એવી એણે પ્રતિજ્ઞા કરી લીધી હતી.

કોરૂના પિતાને હવે ખાતરી થઇ કે કોરૂનો નિશ્ચય હવે કોઇ કાળે ફરે તેમ નથી એટલે કોરૂની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા એના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા.

કોરૂના પિતા વીરમ ચાવડાએ તેના કારભારી પરબત વજીરની સલાહ લીધી. બંને જણે નક્કી કર્યું કે આ કાર્ય પાર પાડવા કોઇ બીજો ઉપાય કરવો જોઇએ. કોઇ યુક્તિપ્રયુક્તિ કરવી પડે. આખરે એમણે એક યોજના ઘડી કાઢી. આ યોજનાને પાર ઉતારવા માટે કોરૂની માતા, કોરૂકુમારી અને પરબત વજીર પૂરા સરંજામ સાથે સિંધ તરફ રવાના થયાં. થોડા દિવસના પ્રવાસ બાદ તેઓ લિયર પ્રદેશમાં ચનેસરની રાજનગરીમાં આવી પહોંચ્યાં.

અહીં એક માલણનો આશરો લઇને એમણે ચનેસર જામના રાજમહાલયમાં પ્રવેશ કરવાની તક લીધી. કોરૂકુમારીની પુષ્પગૂંથણની કામગીરી અને એની કાંતણકળા જોઇને જામ ચનેસરની રાણી લીલાદેવી પ્રસન્ન થઇ અને તેને જનાનખાનામાં ગોઠવી દીધી.

કોરૂકુમારી રાજમહેલમાં પ્રવેશ પામી એટલે અવારનવાર ચનેસર જામ પર તેની દષ્ટિ પડતી. એ વખતે તેના હૃદયમાં અનેક ઊર્મિઓનાં મોજાં નીકળતાં. રાતે પણ તેને જામ ચનેસરનાં જ સ્વપ્ના આવતા. જામ ચનેસરના નામની ઘટમાળ એના અંતરમાં નિરંતર ભરાતી અને ઠલવાતી. એની લાગણીઓના પૂરને જેમતેમ કરી તે દબાવી દેતી. તેનું એક જ નિશાન હતું જામ ચનેસરને હાથ કરવાનું. પણ એ નિશાન પર પહોંચવા માટે કોઇ યોગ્ય ઉપાય સૂઝતો ન હતો.

એક વખત રાજમહેલમાં જામ ચનેસર અને લીલાદેવી ચોપાટનો ખેલ ખેલી રહ્યાં હતાં. રમત રસાકસી પર ચડી હતી. રાતનો સમય હતો. આખા મહાલયમાં દીપકોની રોશની ઝળહળી રહી હતી. ત્યાં પવનનો મોટો વંટોળિયો આવતા તેના ઝપાટાથી બધા દીવા હોલવાઇ ગયા. મહેલમાં અંધકાર છવાઇ ગયો. દાસીઓ દીવા શોધવા લાગી. એ વખતે કોરૂકુમારીએ પોતાના છૂપા ગજવામાંથી અમૂલ્ય હીરો કાઢ્યો. આ હીરો તે પોતાના પિતા વીરમ ચાવડા પાસેથી લાવેલી હતી અને પોતાની પાસે જ તેને છુપાવી રાખ્યો હતો.

કોરૂકુમારીએ હીરો હાથમાં લઇ તેને એક મેજ પર મૂક્યો. આખા મહેલમાં હીરાનો પ્રકાશ પથરાઇ ગયો. હીરાની રોશની જોઇ લીલાદેવી આશ્ચર્યમાં ગરકાવ થઇ ગઇ. એના મનમાં વિચાર આવ્યો કે આ હીરો એના ગળાના હારમાં ગોઠવી દીધો હોય તો રાત્રિના અંધકારમાં પણ એનું રૂપ કેવું ખીલી ઊઠે ! બસ, કોઇ પણ ઉપાયે આ હીરો હાથ કરવાનો તેણે પોતાના મનમાં નિરધાર કરી લીધો.

ત્યારબાદ એક વખત લીલાદેવીએ કોરૂને એકાંતમાં બોલાવીને આ હીરાની માગણી કરી.

કોરૂ બોલી: 'બા સાહેબ, આ અમૂલ્ય હીરો મારા પિતાનો છે. અમે તો અમારે ઘેર દીવો બાળવાને બદલે આ હીરાથી જ કામ લઇએ છીએ.'

'પણ એના બદલામાં તું જે કંઇ કિંમત માગીશ તે તને આપીશ.'

'એની કિંમત થાય તેમ નથી. એ તો અમૂલ્ય છે !'

'આજે તારું મોં વેરી છે. તને જે જોઇએ તે માગી લે !'

'પણ બા સાહેબ, એની કિંમત તમારાથી આપી શકાય તેમ નથી.' કોરૂકુમારી હવે પોતાના મૂળ મુદ્દા પર આવવા લાગી.

(વધુ આવતા અંકમાં...)

કચ્છી કવિતા

## ભલો થીએ ભુછડેંજો

ભલો થીએ ભુછડેંજો જે ભચાયોં ઈની;
નકાં ચીલો ચુકો હો, વાટ વતાયોં ઈની.

ભલો થીએ ભુછડેં જો, ભલેં ગુજારેઓં ઈની;
અછા કુલ ફિરોંતા સે વેંજારેઓં ઈની.

ભલો થીએ ભુછડેં જો, કાવ સિખાયોં ઈનીં;
ઈનીં મથાએ લિખેઓ સે લિખાયોં ઈની.

ભલો થીએ ભુછડેંજો ભલેં હટાયોં ઈની;
'તેજ' જીયણમેં લગેંતો જે ખટાયોં ઈની.

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'વિરાંઢ'માંથી

## પૉલમ પૉલ

ભંઘ રખી ને આયો, હિત થઇ મૂઠ જી ખોલ,
અણસમજુ નાધાન આંઉ, ખૂલ્લી વિઇ હાણે પોલ...

જોષ નેડીંઘલ જોષી આયા, આંગરી જે વેઢે તોલ,
શનિ નડ઼ઘો ગુરૂ ફિરઘો, ગાલીયું હિની જ્યું ગોલ...

સૂરજ બ્યો ચંઘર ચોથો, રાહુ પ્યો ઉની ઝોલ,
બુધ ને કેતુ ભેગા વિઠા, શુકર વજાઇંઘો ઢોલ...

નિત નિત દશાઉં ભઘલે, ગ્રહ ગાલિયેં પ્યા ઘોલ,
પિંઢ જા કયા પિંઢ કે નડ઼ે, કઢીએ પિંઢ જી છોલ...

ખુલ્લી હથેરી વન્નણું, હૂત હિલંઘો ન કી રોલ,
મનખો વેંઘો હીં હલ્યો, 'કાંત' ખુલઘી તોજી પોલ...

- 'કાંત' કાંતિલાલ સાવલા / મોઃ ૯૮૩૩૯૧૨૪૦૨

## બ કવિત

| | |
|---|---|
| હરેં હરેં હવાસેં પખ, | વલિયું વડવ઼ડાઈંયું |
| હલેંતા, ફરકેંતા, જાગેંતા, | ધરા કુરા |
| ફુલ ડોલેંતો, | વરિયું અંઈં, |
| પતંગિયો પોઢ્યો | ઉન વડ઼કે |
| આય ફુલતેં, | ઢારેજ્યું અફવાઉં |
| હમેંશ લા... | ખોટીયું ઠરિયું અંઈં... |

- ડૉ. ગુલાબ દેઢીયા / મોઃ ૯૮૨૦૬૧૧૮૫૨

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૩૬

## મોં જેંજા બ, તેંજા મથા ઐયેં ચાર.

## મોઢા જેના બે, અને માથા છે ચાર.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મોઃ 8320313731

નોટબંધીની અસર પર ચર્ચા ચાલી હતી. અહીં નહીંવત અસર થઇ કેમ કે મોટા ભાગના ખેતી કરનારા હતા. અરસ-પરસ એકબીજાને કામ આવતા હતા. દુકાન પર ખેતીમાંથી ઉપજતો અનાજ, બાજરો, જુવાર વગેરે આપો, અને તેના બદલામાં તમે અન્ય વસ્તુઓ લઇ શકો. કચ્છમાં આ પ્રથા માટે ગ્રામ્યલોકો 'વિરઇ' જેવો શબ્દ પ્રયોગ કરતા. 'વિરઇ વારણી' એટલે મજૂરે આવેલાને ત્યાં મજૂરે જવું. પૈસાની (રોકડ-ઉધાર વિના) લેતી-દેતી ગૌણ બાબત હતી. આમ અહીં વ્યવહાર સુપેરે ચાલતો, જેનાં ફળસ્વરૂપે એકતાને ટેકો મળતો ને સંબંધો પણ ગાઢ થતાં. આના ઘણા ફાયદા હતા જે આપણે ગુમાવી બેઠા છીએ.

સંસારિક બાબતમાં એકતા જાળવવામાં તેનો મૂળ ફાળો ગણી શકાય, ઘરમાં સાસુ-વહુ એક-બીજાનું માથું ઓળી આપતી તો વારાફરતી એક-બીજાના માથામાંથી 'જૂ' પણ વીણી આપતી. આમ ઘરમાં સંપ અને 'સેંણિયાત' જળવાઇ રહેતું. કચ્છીમાં એક પ્રખ્યાત ચોવક છે કે 'સંપ ત્યાં સેંણિયાત' 'જ્યાં સંપ છે ત્યાં સુખ છે.' આ કથનને સાર્થક કરતાં આપણી રીતો-વિધિ-વિધાનો પાછળ કેટલાક સબળ કારણો પણ હોય જ છે. ભારતના ભિન્ન ભિન્ન પ્રાંતોમાં આવી પ્રણાલિકા સર્વત્ર પ્રચલિત છે.

સાંજે ચર્ચા જામી હતી. આ વાત સતીમાને ઓટલે ચર્ચામાં હતી. સૂર્યનારાયણ સાંજનું મુક્ત હાસ્ય વેરતા હતા. પીપળો કુરનીશ બજાવતો વારે વારે ઓટલે બેઠેલાઓ પર ઝૂકી પડતો હતો. અભેસંગે કાંભ છોડી જકડાઇ ગયેલા પગ લાંબા કર્યા, બબાએ ઊઠી બધાને પાણી પાયું, મમુની નજીક બેઠેલો સામત ઊઠવા જતો હતો કે મમુએ કહ્યું: 'વિઞે કિડાંતો ? સુણઃ-

૧ઉદ્‌બોજ ૨મિંજા ૩ઉપનઇ, ૪સે ૫નાલેચંગી નાર.
૬મોં ૭જેંજા બ, ૮તેંજા મથા ૯ઐયેં ચાર.
સંગ રખેતી ૧૦સામીસેં, ૧૧ઇ જોગી જટાધાર,
મારે વિજેતી ૧૨ઇનોજ કે, નં ૧૩છડેં બચ્ચા-બાર.

[૧]ઉધઇ ખાય તેવી કોઇ વસ્તુ, [૨]માંથી, [૩]ઉત્પન્ન, [૪]તે, [૫]સુંદર નામવાળી સ્ત્રી, [૬]મોઢું, [૭/૮]તેના, [૯]છે, [૧૦]સ્વામી/પતિ, [૧૧]તે, [૧૨]ઇંડામાંથી ઉત્પન્ન થઇ હોય તેવી વસ્તુ, [૧૩]મૂકી.

આ સાંભળતા સામતથી રહેવાયું નહીં, એણે કહ્યું, 'વા.....વા ! આમ ક્યારેક ક્યારેક સંભળાવીશ તો સામે આપવાનું પણ થાય. ખાણ-બાણ ચોં ત જોરેજી કરીયું.'

મમુએ કહ્યું, 'ખાણ ઇનોજ, ઉદ્‌બોજ અને જરોજ છે. ઉપરોક્ત વાતચિત્તના સંદર્ભમાં જ આવેલી આ પિરૂલીના જવાબનો અણસાર પચાણભાઈ પામી ગયા હોય તેમ એમણે કહ્યું, 'કાંસકી માથામાં ફરે છે ત્યારે જૂ-લીખ વિગેરે બહાર નીકળી આવે છે. પણ અહીં બે સ્ત્રી એક બીજાનું માથું ઓળતી હોય તેનું સુંદર દશ્યશ્રાવ્ય ખડું થયું છે. જે લોકકવિની ખૂબી છે. લોકકવિએ અહીં કાંસકીને સ્ત્રી (નાર) કહી છે, કેમ કે કાંસકી સ્ત્રીલિંગ શબ્દ છે ને તે લાકડાંની બનેલી છે એટલે 'ઉદ્‌બોજ મિંજા ઉપનઇ' એવો શબ્દ પ્રયોગ કર્યો છે, અને તેનો મતલબ એમ થાય છે કે 'ઉધઈ ખાય તે વસ્તુમાંથી તેનું નિર્માણ થયેલું છે.' પછી આગળ બીજી પંક્તિમાં કહે છે કે 'મોં જેંજા બ'-જે કાંસકીની બંને બાજુઓ દર્શાવે છે અને 'મથા ઐં ચાર' જે બંને બાજુના જાડા-ઝીણા દાંતાની કાંસકીના ભાગને બે માથા અને બે સ્ત્રીઓના માથા જે એક બીજાના માથામાંથી જૂ ને કાઢે છે. એટલે લોકકવિએ અહીં ચાર માથા તરીકે સંબોધન કર્યું છે. અહીં રૂપકાલંકાર સુપેરે વપરાયો છે અને લોકકવિ એમ પણ કહે છે કે 'સંગ રખેતી સામી કે, ઇ જોગી જટાધાર' કાંસકી માથાના વાળમાં ફરે છે ત્યારે તે જોગીની જટા સાથે રમતી હોય એમ લાગે છે.

આમ પિરૂલીમાં જેનું મુખ્ય અંગ જ સમસ્યા ઊભી કરવાનું છે, તે વાત અહીં સાર્થક થઇ છે 'મારે વિજેતી ઇનોજ કે, નં છડેં બચ્ચા-બાર'. જૂ ને મારી અને તેના બચ્ચા-બાળ એટલે જૂ માંથી જન્મતી લીખ. તેને પણ મૂકતી નથી, મારી નાખે છે.'

ઇતિહાસો, પુરાણો ને માનવ-સમૂહોનાં વિધિ-વિધાનો તથા ધર્મના ગ્રંથો નહોતા રચાયા ત્યારે પણ લોકો હતા, અને હજી આજે પણ છે. શરીર, મન, ઇન્દ્રિયો, બુદ્ધિ અને સાધન-સંપત્તિના ઓછા વધતા વિકાસને કારણે અહંના અને સંસ્કારિતતાના ભેદ ઊભા થતાં ગયાં એમાંથી લોક અને શિષ્ટ એવી બે પરિપાટી સર્જાણી. માણસ શિષ્ટ હોય કે અશિષ્ટ, સંસ્કૃત હોય કે અસંસ્કૃત, ભણેલો હોય કે અભણ, પણ એના હૃદયમાં જાગતી ભાવનાઓને વ્યક્ત કરવાની ઇચ્છા અને ક્ષમતા એનામાં હોય જ છે. એ ભાવનાઓના ઉદ્‌ભવને ઉદ્‌ગીત કરવાનો પ્રયાસ કરે છે. આ પ્રયાસમાં એને રાગાત્મક ક્રિયા લયપૂર્ણ બનીને ગીતનું સ્વરૂપ ધારણ કરી લે છે. સુખદુઃખની ભાવાવેશની સ્થિતીમાં લયકારીનાં સ્ફૂરી આવતા શબ્દો વડે ગીતનું ચિત્ર આપોઆપ ખેંચાઈ આવે છે. આ ચિત્ર કોઇ કવિનું નહીં, વિશિષ્ટ વ્યક્તિનું નહીં પણ જનસામાન્યના માનસની અજ્ઞાત સૃષ્ટિના પડઘારૂપ હોય છે. ઉપરોક્ત કથન પિરૂલી સાહિત્યને સુપેરે લાગુ પડી શકે.

આજે સોમવાર હતો, એટલે દેવગર બાવાજી સહુને રેવડીની પ્રસાદી આપી રહ્યા હતા. સામતે કહ્યું, 'ગુરૂ હુકમ !' દેવગર બાવાજીએ કહ્યું, 'હુકમ હરિજો.' એટલે સહુ પ્રસાદને આંખો પર અડાડી જય ભીમનાથના નારા સાથે આરોગવા લાગ્યાં.

સંભાર :
આંઉ આવઇસ તોંકે ખણણ, તોં જલે મૂકે,
હાંણે છડ મૂકે ત, આંઊં ખણા તોંકે.

એક સ્ત્રી પાણી ભરવા જતી હતી ત્યારે રસ્તામાં ધોધમાર વરસાદ ત્રાટક્યો એટલે તે સ્ત્રીને રોકાઇ જવું પડ્યું. હવે વરસાદ બંધ પડે તો જ તે તળાવમાંથી પાણી ભરી શકે. અહીં કવિએ શબ્દોની કેવી મજાની જાળ સર્જી છે.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુક્તક

કવિ-'તેજ'

**કવિના પુસ્તક 'તેજ જો અવાજ -૨' માંથી**

'તેજ' જોડી જેમેં ખસલત
ઉ પિંઢઇ પેઓ વતાય;
બોઆરી તાં ભેરો કરે
સુપલાડી વિજે ફગાય !

**કચ્છી ચોવક – ૩૪**

**અરવીંદ રાજગોર (મોઃ ૯૯૮૭૯૬૫૭૯૮)**





### ઘોડ઼ો ઈ ઘોડો નેં ગડોડ઼ો ઈ ગડોડ઼ો

અજ ડાડાજી કે પુતરા ચ્યોં ડાડાજી અજ ઘોડ઼ે મથા કોય ચૉવક વે ત અસાંકે સુણાયો.
ડાડાજી ચ્યોં ભલેં તડેં સુણો.
ઘણેં માડુ એડ઼ા હૂંવેંતા ઇનીંકે ઘોડ઼ા નેં ગડોડ઼ા સરખા જ ડિસજેં ઇનીંકે સારે નિરતે જી ખબર નં પે. ગુણીયલ નેં નિગુણેં જો ભેડ પણ સમજેં નં. ઇનીંજી ગાલ જો વેસા (વિશ્વાસ) નં થીએ. નેં ભુલેચુકે જ કોય ઇનીજી ગાલ તેં વેસા કેં ત ઉનજી ભાજાર ઉથી વિઞે. ઇતરે મિડ઼ે ખાસા મિડ઼ે લાટ મિડ઼ે ભરોભર એડ઼ો ચેંતા ઇનીકે સિખત (બોધપાઠ) ડિનેલા કચ્છી મેં ચૉવક આય
"ઘોડ઼ો ઈ ઘોડ઼ો નેં ગડોડ઼ો ઈ ગડોડ઼ો"
ઇતરે કડેં પણ સચી કે સચી ચોજે નેં હી ચોવક જીયણ મેં જાધ રખજે.

**अज जी चोवक - ३६**

## तड़ विकणी तीरथ न थीयें

**(ઘર વેચીને તીરથ ન થાય)**

**:: ભાવાર્થ ::**

**(દેવું કરી કે ઘરની આર્થિક મર્યાદાથી બહાર જઇ પરમાર્થનું કાર્ય (બીજાનું ભલું) ન કરાય !)**

**:: શબ્દાર્થ ::**

**તડ઼ – ઘર, પોતાની મૂડી    વિકણી – વેચી**

**-: સંકલન :-**

**ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી**

**અજ જી ચોવક – ૩૬**

**ડૉ. વિસન નાગડા**

**(મોઃ ૯૮૨૦૪૫૬૮૯૯)**

## શું તમે જાણો છો ?

# ઓડિશામાં ૨૦ લાખ તાડના વૃક્ષો વીજળીથી બચાવશે ?



છેલ્લા ૧૦ વર્ષમાં લગભગ ૪,૦૦૦ લોકોએ વીજળી પડવાથી જીવ ગુમાવ્યા છે. ગત જુલાઇમાં સરકાર દ્વારા જાહેર કરાયેલ આંકડાઓ બાદ હવે ઓડિશામાં ૨૦ લાખ તાડના વૃક્ષો વાવવામાં આવશે જેથી વીજળી પડવાથી બચી શકાય.

ઓડિશા રાજ્ય સરકારે તેની પ્રજાને વીજળી પડવાથી થતી ઇજા તથા મૃત્યુ સામે રક્ષણ આપવા માટે ૨૦ લાખ પામ વૃક્ષોનું વાવેતર શરૂ કર્યું છે. ઓડિશામાં 'વીજળી પડવાને' સને ૨૦૧૫માં રાજ્યની વિશિષ્ટઆપત્તિ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

આવી વીજળી સંબંધિત ઘટનાઓને ઘટાડવા માટે ૨૦ લાખ પામ વૃક્ષો વાવવાની પહેલ કરીને ઓડિશા સરકારે વીજળી પડવાથી થતા નુકસાનને ઘટાડવામાં મદદ કરવાની પહેલ કરી છે.

વન અને કૃષિ વિભાગ વિવિધ પ્રદેશોમાં આ વૃક્ષો વાવવા માટે સહયોગ કરશે. તાડના ઝાડમાં થયેલા ઘટાડાને રાજ્યભરમાં વીજળી પડવાની ઘટનામાં વધારો સાથે જોડવામાં આવ્યો છે.

ઓડિસામાં વીજળી સંબંધિત મૃત્યુ દિવસે ને દિવસે વધી રહ્યા છે અને ઓડિશા ભારતમાં વીજળી પડવાને કારણે મૃત્યુદરમાં સૌથી વધુ છે એવું સરકારી અહેવાલો અનુસાર ઓછામાં ઓછા ૩૦૦ લોકોના મોત દર વર્ષે વીજળી પડવાથી ઓડિશામાં થઇ રહેલ છે.

તાડના કે પામના વૃક્ષો ઊંચા હોવાથી વીજળી પડવાની ઘટના વખતે તે વીજળીના સારા વાહક તરીકે કામ કરે છે. આવી વિકટ પરિસ્થિતિનો સામનો કરવા માટે રાજ્યભરમાં તાડના વૃક્ષો વાવવાનું મિશન સરકારે શરૂ કરે છે. રાજ્યના વન વિભાગની આગેવાની હેઠળના આ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. લોકોની તથા અન્ય સંસ્થાઓની મદદ સાથે લગભગ ૨૦ લાખ તાડના વૃક્ષો વાવવાનું મિશન શરૂ થઇ ગયેલ છે.

સરકારી અધિકારઓ વધુમાં જણાવે છે કે ઓડિશામાં વીજળી પડવાથી શૂન્ય જાનહાનિ ન થાય તે માટે અંતિમ ધ્યેય હાંસલ કરવાનો તેમણે લક્ષ્ય રાખેલ છે.

સરકાર વધુમાં એવી શાળાઓ અને જાહેર ઇમારતો વિશે ખાસ ચિંતિત છે જ્યાં યોગ્ય રીતે અર્થિંગ ઇન્સ્ટોલ કરવામાં આવ્યું નથી અને તેને લીધે પણ ઘણા લોકોના વીજળીને અડવાથી જીવ ગયા છે. ઓડિસાના કિનારા પર ભારતમાં સૌથી વધારે તોફાનો તથા વાવાઝોડાઓ આવે છે. બંગાળની ખાડીમાં ઓડિસા એવા ખૂણામાં છે જ્યાં હવાનું દબાણ ઘટી જતાં વંટોળને તે દિશામાં ખેંચી લાવે છે. સરકારનું પ્રાથમિક ધ્યાન વીજળીની વધુ ઘટનાઓ ધરાવતા સંવેદનશીલ વિસ્તારો પર છે અને તેને ચિહ્નીત કરવામાં આવેલ છે.




વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન ને
અહીં ક્લિક કરો
નિયમિત રૂપે આપના મોબાઇલ પર મેળવવા ...


# જાણો અને અપનાવો ...

## પ્રશ્નો જે તમારા ડૉક્ટર ઈચ્છે છે કે તમે પૂછો!!





તમારા ડૉક્ટર સાથે તમારી મુલાકાત કેવી હોય છે ? સામાન્ય રીતે એવું મનાય છે કે પુરૂષો ડૉક્ટર પાસે જવાનું ટાળે છે. એક સર્વે અનુસાર વર્ષમાં દર ચારમાંથી ત્રણ પુરૂષો (૭૫ ટકા) ડૉક્ટર પાસે જાય છે. તેમાં પણ ૩૫ વર્ષથી વધુ ઉંમરના પુરૂષોની સંખ્યા ૮૦ ટકા અને ૫૫ વર્ષથી વધુ ઉંમરના પુરૂષોની સંખ્યા ૮૪ ટકા સુધી જાય છે પણ તેમાંથી ૯૦ ટકા જ્યારે બિમાર પડે ત્યારે જ. લોકો પોતાનું સ્વસ્થય બરોબર રહે અને તેમને કોઇ તકલીફ ન પડે તે માટે તો ડૉક્ટર પાસે જતા જ નથી એક કહી શકાય. પોતાના સ્વાસ્થ્યની સંભાળ લેવા ડૉક્ટર પાસે નિયમિતપણે જવું તે સ્વાસ્થય માટેની ગંભીર સમસ્યાઓને વહેલા પકડવાની ચાવી છે.

પરંતુ સાથે એ પણ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે તમે તેમને યોગ્ય પ્રશ્નો પૂછો જે તમારા ડૉક્ટર પણ ઇચ્છતા હોય. તેનાથી તમને શું પરેશાની છે તે ચિકિત્સકો બરાબર અનુમાન કરી શકે. જો તેમને ખબર હોય કે શું તકલીફ છે તો જ તેઓ તમને મદદ કરી શક્શે.

અહીં ચાર પ્રશ્નો છે જેને તમારે તમારી પ્રાથમિક સંભાળ રાખતા ડૉક્ટરને વર્ષમાં એકાદવાર તો પૂછવા જ જોઇએ.

પ્ર.૧: ભવિષ્યમાં સ્વાસ્થ્ય સમસ્યાઓ અટકાવવા માટે હું શું કરી શકું? - આ એક સારો સ્ટાર્ટર પ્રશ્ન છે જે તમારા ડૉક્ટરને તમારી ઉંમરના પુરૂષોમાં સામાન્ય રોગો, તેના પરીક્ષણો વિશે વાત કરવા પ્રેરશે. કરશે. ઘણા કિસ્સાઓમાં તમે હજુ પ્રમાણમાં યુવાન છો, તમને કોઈ ગંભીર ચિંતા ન હોઇ શકે જેવા જવાબ મળી શકે પણ કોઇપણ સારા ચિકિત્સક રોગ અને નિવારણ વિશે જાણ કરશે તથા ભવિષ્યમાં સ્વસ્થ રહેવા તમારે શું કરવું તે જણાવશે.

પ્ર.૨: મારા હૃદયના સ્વાસ્થ્ય માટે મારે શું કરવું જોઇએ ? - તમારા પ્રથમ પ્રશ્ન સાથે કદાચ આનો જવાબ આવ્યો હશે. જો નહિં, તો તમારો બીજો પ્રશ્ન આ જ હોવો જોઇએ કેમ કે હૃદયરોગથી મૃત્યુનું પ્રમાણ ઘણું વધારે હોય છે અને તેને ઉંમરનો કોઇ બાધ નથી. તેના વિશે પૂછી તમે ડૉક્ટરને આ રોગના પ્રત્યે સાવધાન છો અને તમારી હાલની હૃદયની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે કહી રહ્યા છો. તેનાથી ડૉક્ટર પણ ચોક્કસ મુદ્દાઓ જેવા કે શું તમારું કોલેસ્ટ્રોલ તપાસવાનો સમય, ડાયાબિટીસ કે બી.પી. તપાસવા પર ધ્યાન આપશે અને સંભવત તમારા બ્લડ પ્રેશરને માપવાથી શરૂઆત થશે. સાથે તમારી જીવનશૈલી બાબતો પ્રશ્નો પૂછાયઃ કેટલી કસરત કરો છો, મદ્યપાન, ધૂમ્રપાન વીશે પૂછાય. તમારે તે વીશે પ્રમાણિક રહો તો સારું છે. તમારા ખોટા જવાબો તમારું જ નુકસાન કરશે.

પ્ર.૩: તમારા કુટુંબના ઇતિહાસ વિશે વાત કરી શકીએ ? - તમારા માતા-પિતા અને દાદા-દાદી, તમે ક્યાં મોટા થયા, તમે કઇ રમત-ગમતની ટીમોમાં છો. આ બધું તમારા સ્વાસ્થ્ય પર પણ અસર કરે છે. તમારા કુટુંબમાં ચાલતી બીમારીઓ, તમારા કુટુંબીઓ કેટલું જીવ્યા વગેરેની માહિતીથી તમારા સ્વાસ્થ્યનું ચિત્ર દોરી શકાય છે. તમને આનુવંશિક રીતે કયા રોગો થવાની સંભાવના છે તેની જાગૃતિ હોવી મહત્વપૂર્ણ છે, પછી તે કોઇ પ્રકારનું કેન્સર હોય, હૃદયરોગ હોય, ડાયાબિટીસ હોય. આનાથી તમે આ પરિસ્થિતિઓને ટાળવા માટે નિવારક પગલાં લઇ શકો છો.

પ્ર.૪: શું મને આ દવાની જરૂર છે અથવા બીજું કંઈક હું અજમાવી શકું ? - આ પ્રશ્ન હંમેશા પૂછો. દવાના બાબતે ક્યારે પણ વિકલ્પો વિશે પૂછવાથી ડરશો નહીં. દાખલા તરીકે કોઇ હાઇ ડોઝવાળી દવાને બદલે તમે આહાર કે વ્યાયામથી બદલાવી શકો છો. જેથી દવાઓની આડઅસરથી બચી શકો છો. આ સલાહ બ્લડ શુગર અને બી.પી.ની દવાઓથી બચાવી શકે છે.

એ ઉપરાંત ગમે તેટલું અણગમતું હોય, તમારી કોઇપણ જાતીય સ્વાસ્થ્ય સમસ્યાઓને તરત જ ડૉક્ટરના ધ્યાન પર લાવજો. આ બાબતે ખુલ્લેઆમ વાત કરવાનો વિચાર તમને ભયથી ભરી દે છે પણ તમારા ડૉક્ટર જ તમારા વકીલ અને જીવન કોચ બનવાના છે.

# મુક્તિ

લેખક : ડો. ચુકી ભૂટિયા, ભાવાનુવાદઃ રાજુલ કૌશિક

સમાચાર મળ્યા, 'ફોઇ નથી રહ્યાં.' સાંભળીને દુઃખ થવું જોઇએ. ન થયું. જીવનભરની ઉપાધિઓમાંથી એમને છૂટકારો મળી ગયો. મને શાંતિ થઇ. છેલ્લા બે વર્ષથી એ પોતાની જાત સાથે લડતી હતી. જેને પોતાને જ જીવવાની ઇચ્છા ન રહી હોય એને દવાઓ શું અસર કરે?

મા ગઇ એ પછી આ ફોઇ જ તો હતી જે મારી મા બની રહી હતી. મારી પસંદ-નાપસંદ જાણતી હતી. મારા નખરાં એ જ સહન કરતી હતી. હોસ્ટેલથી આવું ત્યારે ફોઇના ઘેર જ રહેતી હતી. ચાર વર્ષ પહેલાં એના દીકરાએ જીવન સંઘર્ષથી હારીને આત્મહત્યા કરી ત્યારથી એ બદલાવા માંડી હતી. એ સમયે હતાશામાંથી બહાર આવવા સૌએ ફોઇને સાથ આપ્યો હતો. થોડા અંશે એ આઘાતમાંથી બહાર આવી હતી. એમ તો ફોઇને બીજા બે સંતાન હતાં છતાં એ વ્યથિત રહેતી.

એ પછીનાં બે વર્ષે મારાં લગ્ન થયાં.

ફોઇ બીમાર પડ્યા છે એ જાણ્યાં પછી પણ નવું ઘર, નવી જવાબદારીઓ, કામનાં ભારણનાં લીધે હું એની પાસે ભાગ્યે જઇ શકતી. કેટલીય વાર ફોઈનાં મનનો તાગ લેવાનો વિચાર્યું હતું, પણ શક્ય ન બન્યું. ફોઇને મળીને પાછી આવું ત્યારે એની ઉદાસીથી હું પણ ઉદાસ બની જતી. ફોઇનો રોનક વગરનો ચહેરો નજર સામેથી ખસતો નહીં. હમણાંથી એનાં ચહેરા પર સ્મિતના બદલે ઘેરા શોકની છાયા જોવા મળતી. ગયા વખતે મને જોઇને એનાં હૃદયમાં બંધ તૂટી ગયા. સમજાયું નહોતું કે, દીકરાના આકસ્મિક મોતની એ છાયા હતી કે પોતાનાં લગ્નજીવનની તંગદિલીની અસર હતી?

ખરી વાત એ હતી કે, ફોઇ અને ફુઆ વચ્ચે લાગણીનો સંબંધ રહ્યો નહોતો. ફુઆએ પૈસા આપવાનાં બંધ કર્યા હતા. હાથ પણ ઉપાડવા માંડ્યા હતા. એક વાર કાન પાસે એટલા જોરથી માર્યું કે, ફોઇને સંભળાવાનું બંધ થઇ ગયું, જેનો કોઈ ઇલાજ નહોતો. બીજી વાર ફુઆની મહેરબાનીથી તૂટેલા હાથપગ લઇને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું એ વધારાનું.

મારાં દાદી હંમેશા કહેતાં, ઘરની સમસ્યાઓ લઇને બહાર નહીં આવવાનું. પતિને બદનામ નહીં કરવાના. સમય જતાં બધું થાળે પડશે. ઝગડા કોનાં ઘરમાં નથી હોતા?

બસ, પોતાની માના એ શબ્દોને લઇને ફોઇ જીવનભર એ તૂટેલો સંબંધ સાચવતી રહી.

ફોઇનાં બંને સંતાનો બહાર ભણતાં હતાં. એમને કોઇને પણ ફોઇએ પોતાની પીડાનો અણસાર સુદ્ધાં ન આવવા દીધો. ફોઇનું ભર્યુંભાદર્યું ઘર ઉજ્જડ બનવા માંડ્યું. ઘરનો દબદબો ઘટવા માંડ્યો. આંગણામાંની ગાયો ઓછી થતી ગઇ. બસ, ખૂંટે બાંધેલી એક ગાય હતી જેનાં ગળે એવો ઘા હતો જે રૂઝાતો જ નહોતો. ફોઇએ એને ખૂંટેથી આઝાદ કરી દીધી હતી પણ, એ ક્યાંય જતી નહોતી. ઉદાસીથી એ ખૂંટા પાસે જ ઊભી રહેતી.

ફોઇનું પણ કદાચ એવું જ હતું.

ફુઆએ ઘરની જવાબદારી લેવાનું છોડી દીધું હતું. મા સમાન ફોઇની પીડા મારાથી સહન નહોતી થતી. લાખ વાનાં કર્યા, છતાં એ ફુઆને છોડીને મારી સાથે આવવા તૈયાર ન થઇ. સ્ત્રીઓ માટે પતિનું ઘર સુરક્ષા કવચ જેવું હશે ? કે પછી પરિવાર અને સમાજની મર્યાદા એનાં પગની બેડી બની જતી હશે ?

અંતે અકળાઇને ફોઇ પાસેથી ચાલી નીકળતી, પણ ફોઇનો વ્યથિત ચહેરો નજરથી ખસતો નહીં. વિચાર્યા કરતી કે, કોઈ પોતાનાં જીવનને કેવી રીતે આમ દાવ પર મૂકી શકે ?

ફોઇને મળીને આવતી એ ક્ષણે એવું લાગતું કે, મારું જીવન ફોઇનાં જીવનથી જરાય જુદું નથી. સંતાનો થયાં પછી મારાં જીવનમાં પણ આમ જ બનવા માંડ્યું હતું. કેટલીય વાર પૂછવા છતાં એ મૌન રહેતા. એમનું મૌન મને કોરી નાખતું. લોહીલુહાણ કરી દેતું. મારાં સંતાનોનું ભવિષ્ય, ઘર-પરિવારની મર્યાદા, બધું જ ડામાડોળ થવા માંડ્યું જેને સ્થિર કરવાની હું નિષ્ફળ કોશિશ કરતી હતી. મોડી રાત્રે આવે ત્યારે એમના મનની શાંતિ કોની પાસેથી શોધવા જતા હશે, એ વિચારથી હું વિચલિત થઈ જતી.

શક્ય હતું ત્યાં સુધી હું કર્તવ્યમાંથી ચલિત થઇ નથી. શક્ય હોય ત્યાં સુધી મારાં મનમાં છટપટાતા, અનુત્તર રહી જતા સવાલોને મનમાં ધરબીને અમારી વચ્ચે કશું જ અઘટિત બન્યું નથી એવી રીતે એમની સાથે વર્તી છું.

પણ, હવે હું ફોઇ જેવી નહીં બનું. મારી પાસે નોકરી છે જેનાં આધારે હું ચાર દીવાલોની વચ્ચે કેદ નહીં રહું.

ફોઇ મરી ગઇ એ સારું જ થયું. આપણું કોઇ દગાબાજ નીકળે તો જીવવું કેટલું કપરું બને એ હવે મને સમજાય છે.

હોઠ પર વહી આવેલાં ખારાં પાણીના સ્વાદથી સફાળી ચોંકી, ત્યારે સમજાયું કે આ આંસું જ મારી કાયમી એકલતાના સાથી છે. ફક્ત કમજોર હોવાની છાપ ઊભી ન થાય એ માટે એને કોઈની હાજરીમાં વહેવાં નથી દીધાં.

'મા, ક્યાં છું ?' કહેતો દીકરો રૂમમાં આવ્યો ત્યારે વર્તમાનમાં પાછી ફરી. મારા સદાના સાથીને વહી જતાં રોકીને ઊભી થઈ. કેટલો સમય વીતી ગયો એનો ક્યાં અંદાજ રહ્યો હતો?

રૂમમાંથી બહાર આવીને ઘર-મંદિરમાં ફોઇનાં નામે ત્રણ દીવા પ્રગટાવી, આંખો બંધ કરીને ફોઇના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી. બંધ આંખોની સામે ફોઇનો સ્વસ્થ, હસતો ચહેરો દેખાયો. ફોઇની આંખોમાં મારા પ્રત્યેનો અપ્રતિમ સ્નેહ છલકાતો દેખાયો અને ફરી મારી આંખોમાંથી આંસુની ધાર વહેવા માંડી.

હવે આ આંસુમાં પીડા નહોતી. મનમાં શાંતિ અને હૃદયમાં ફોઇની મુક્તિ માટેનો આનંદ હતો.



# ચલતે... ચલતે...

નટુભાઈ સાયન્સના એક સારા ને હોશિયાર શિક્ષક હતા પણ તેમને દારૂની કોથળી પીવાની એક કુટેવ હતી.

એક વખત કેમેસ્ટ્રીના કલાસમાં...

નટુભાઈ: 'સોડિયમ કાર્બોનેટની ફોર્મ્યુલા બોલ !'

ભૂરોઃ 'નટુ કોથરી !'

જવાબ સાંભળતા જ નટુભાઈએ ભૂરાને ફૂટપટ્ટીથી બરાબરનો ધોઈ નાખ્યો. વાત પ્રિન્સીપાલ સુધી ગઈ. પ્રિન્સિપાલ સાહેબે ભૂરાને પૂછ્યું, 'કેમ શિક્ષકની મશ્કરી કરે છે. ગુરૂ તો દેવ સમાન હોય. નટુભાઈ સાહેબની માફી માંગ અથવા તો સ્કૂલમાંથી સસ્પેન્ડ કરવામાં આવશે.'

ભૂરોઃ 'ના સાહેબ ! મશ્કરી નહોતો કરતો. હું તો પ્રશ્નનો જવાબ આપતો હતો.'

પ્રિન્સીપાલઃ 'જવાબ ? કઈ રીતે ? સમજાવ...'

ભૂરોઃ ગુજરાતીમાં સહેલાઈથી યાદ રહે એટલે મેં આ રીતે કહ્યું, ***"Na2Co3'*** = 'ન ટુ કો થ્રી !'

પ્રિન્સીપાલસાહેબ ***ICU*** માં છે. નટુભાઈ વેન્ટિલેટર પર...



મુખ્યમંત્રી અને વિપક્ષી નેતા એકસાથે પ્રવાસ પર ગયા હતા. સૌ પ્રથમ તેઓ જેલમાં ગયા, જેલનું નિરીક્ષણ કર્યું અને જેલરને પૂછ્યું કે, 'કેટલી ગ્રાન્ટની જરૂર છે ?'

જેલરઃ 'કંઈ ખાસ નથી સાહેબ, બધું બરાબર ચાલી રહ્યું છે.'મુખ્યમંત્રીઃ 'તોય.. !!'

જેલરઃ 'આપવી હોય તો ૫ લાખ રૂપિયા આપો.'

મુખ્યમંત્રીએ તેમના પી.એ. પાસે આ બાબતની નોંધ કરાવી.

ત્યારબાદ તેઓ એક શાળાની મુલાકાતે ગયા.

ત્યાં પણ એ જ વાત પૂછી. પ્રિન્સિપાલ તો રડવા લાગ્યા અને કહ્યું કે, 'સાહેબ ! ના તો સ્ટાફ છે કે નથી સંસાધનો, શાળાનું મકાન પણ જર્જરિત છે, ફર્નિચર નથી અને લેબમાં સાધનો પણ નથી.'

મુખ્યમંત્રીઃ 'સારું, રડશો નહીં, મને કહો કે કેટલી ગ્રાન્ટની જરૂર છે ?'

પ્રિન્સિપાલઃ '૫૦ લાખ..!!'

મુખ્યમંત્રીએ તેમના પી.એ. પાસે આ બાબતની પણ નોંધ કરાવી. બંને નેતાઓ પાટનગર પરત ફર્યા. બીજા દિવસે મુખ્યમંત્રીએ ૫૦ લાખ રૂપિયા જેલ અને ૫ લાખ રૂપિયા સ્કૂલને આપ્યા.

આ જોઈને વિપક્ષના નેતા ગુસ્સે થઈ ગયા અને કહ્યું કે, 'આ તમે સાવઉલટું કરી દીધું.'

મુખ્યમંત્રીઃ 'તમારામાં આટલી અક્કલ હોત તો આજે તમે મારી ખુરશી પર બેઠા હોત.'

વિપક્ષ નેતાઃ 'મતલબ..?'

મુખ્યમંત્રીઃ 'ના તો મારે શાળાએ જવાનું છે કે ના તો તમારે. પણ ભવિષ્યમાં જેલમાં જવાની શક્યતાઓ ઘણી જ છે તો ત્યાં સુખ-સુવિધાઓ હોવી જરૂરી છે જેથી તકલીફ ના થાય..!!'